# દોઆએ નુદબા અને ઇદની સવાર

રુદન કરવું, આક્રંદ કરવું, આક્રોશ અને ફરિયાદ કરવી વિગેરે બાબતો રુહની પ્રકૃતિની એ જરુરિયાતો છે જે પૂરી થઇને રહે છે. આ માનવીની એ સ્થિતિનું વર્ણન છે કે જ્યારે આંસુની દરેક બુંદ તેના દિલના દુઃખ, દર્દ, બેચૈની અને અંદરની લાગણીઓની એક દાસ્તાનનું શિર્ષક હોય છે. એ શબ્દો કે જેને એક ફરિયાદી પોતાની ફરિયાદમાં ઉચ્ચારે છે તેમાં આ પરિતાપ અને અસહ્ય દુઃખોને સમેટીને શબ્દાર્થમાં રજુ કરવા માટે તો તે અસમર્થ હોય છે, પરંતુ આંસુઓ તેને સાથ આપે છે અને જેવી રીતે કોઇ બિમારને અચાનક રાહત થઇ જાય તેવી રીતે ફરિયાદીનું દિલ હળવું થઇ જાય છે, જ્યારે માનવી ખૂબ જ રડી લે છે ત્યારે તેના દુઃખનો ભાર હળવો થઇ જાય છે. આ રડવું, ફરિયાદ કરવી, ઠંડા નિસાસા નાખવા તે એવા માધ્યમો છે કે જે અલ્લાહ તઆલાએ તેની મોહબ્બત માપવા માટે અતા કરેલા છે. આજ કારણ છે કે આપણી શરીઅતની જવાબદારીઓ પૈકી એક મુખ્ય જવાબદારી  રડવું, ફરિયાદ કરવી અને આંસુ વહાવવા છે. તેની શરત એ છે કે તેનું કારણ સચ્ચાઇ અને ખુલુસ ઉપર આધારિત હોય અને જેનો હેતુ પવિત્રતા અને પાકીઝગી ઉપર આધારિત હોય.

પયગમ્બરે અકરમ (સ.અ.વ.)એ વિલાયત અને મોહબ્બતને રિસાલતનો બદલો કરાર દીધો છે. આ વિલાયત અને મોહબ્બતના સિદ્ધાંતો આવી રીતે બતાવ્યા છે કે : જ્યારે રિસાલતના બદલા તરફ ફરીને જૂઓ તો તમારી સૌથી પ્રિય વસ્તુને પાછળ છોડીને ફક્ત મને જૂઓ, મારી પવિત્ર ઔલાદને જૂઓ. જો મારી અને મારા એહલેબય્તની મોહબ્બત તમારી મોહબ્બતના દરેક પાસાઓ ઉપર ઝળહળિત થઇ જાય તો જાણે રિસાલતનો હક ચૂકવાઇ ગયો. એક શાયરના કથન મુજબ :

*મોહબ્બત મેં એક અયસા વક્ત ભી આતા હૈ ઈન્સાન પર*
*કે તારોંકી ચમકસે ચોટ લગતી હૈ રગે જાન પર.*

આજ ધોરી રગ ઉપર પ્રહાર થવાનો અવાજ છે. આક્રંદ અને ફરિયાદ જે મહેબુબના વિરહ અને મિલનનું પુસ્તક છે, જેમાં એક ઇન્સાનના કસોટીમાંથી સફળતાપૂર્વક પસાર થવાની વિગતો લખેલી છે. આપણે પોકાર કરીએ છીએ. દુઃખ ભર્યા પોકાર ઉપર જ્યારે કોઇ પ્રતિસાદ આપે છે તો આશાના આંસુઓ રડતી આંખોમાંથી સરી પડે છે અને શરીઅતની જવાબદારી અદા કરવાની રીત અર્પણ કરે છે.

હવે જ્યારે શરીઅતની જવાબદારીમાંની એક જવાબદારી રુદન કરવું, આક્રંદ કરવું અને ફરિયાદ કરવી છે. જેનો પાયો મોહબ્બત, સચ્ચાઇ અને નિખાલસતા ઉપર આધારિત છે તેથી ઇમામે ઝમાના (અ.સ.)ની ગયબતના ઝમાનામાં આપની યાદમાં આક્રંદ અને ફરિયાદ કરવી એક એવી જવાબદારી છે જેને તાકીદ ભરેલી કહી શકાય છે. આ જવાબદારીના જે આદાબ અને રીતો બતાવવામાં આવી છે તેના ઉપર મઅસુમીન (અ.સ.)ની સનદની સાથોસાથ તાકીદ પણ મળી આવે છે. ઇમામે ઝમાના (અ.સ.)ના ચાહનારાઓ જે જુદી જુદી દોઆઓ પઢીને મોહબ્બતમાં આક્રોશ અને આક્રંદ કરે છે તેમાં દોઆએ નુદબા સૌથી વધારે મહત્ત્વ ધરાવે છે. આ દોઆ ઈદે ફીત્ર, ઈદે કુરબાન, ઈદે ગદીર અને જુમ્આના દિવસે પઢવા માટે મઅસુમીન (અ.સ.)એ તાકીદ કરી છે કે જેને પઢવામાં ચૂક ન થવી જોઇએ.

આ મોહબ્બત ભરી વાતચીત વાસ્તવિકતા ઉપર પડેલી રહસ્યની ચાદરને સરકાવીને અલ્લાહના છુપાએલા રહસ્યોને ખુલ્લા કરી દે છે અને માનવ બુદ્ધિને ચિંતન અને મનન કરવાની શક્તિ અર્પણ કરે છે. વિચારવા જેવી વાત છે કે ઈદે ફિત્ર એ રોઝદારોએ ઉઠાવેલી તકલીફનો બદલો આપવાનો દિવસ છે. આ એ ખુશી છે જેનો અર્થ અને મતલબ ઇદનો શબ્દ સૂચવે છે. આ દિવસે આક્રંદ અને ફરિયાદ કરવાની તાકીદ છે, અર્થાત દોઆએ નુદબા પઢવાની... એવી જ રીતે ઈદે ગદીર, ઈદે કુરબાન, ઈદે જુમ્આ.... નુદબા અને ઇદ...... જરા તે દિવસોમાં આ દોઆને પઢો, તેના કમ્રવાર ભાગો ઉપર વિચાર કરો. જરા તેના શબ્દોની રુહાનિય્યતના ઝરુખાને ખુલતા જોઇને તે વાતાવરણમાં વિહાર કરો કે જેમાં એહલેબય્ત (અ.સ.)ની ખુશ્બુ વસેલી છે.

જેવી રીતે હલચલ વગર જીવનનો વિકાસ થતો નથી.

તેવી જ રીતે તડપ વગર કોઇ અમૂલ્ય વસ્તુ નસીબ થતી નથી. તેના માટે સંશોધન, સંઘર્ષ, પરિશ્રમ અને તડપની સાથે ઝડપથી દોડવું પણ પડે છે. આથી ઇદનો હેતુ ખુશી અને આનંદ છે તો તેનું માપદંડ પણ ઉંચું હશે. તેથી જ એ પવિત્ર લાગણીઓને દોઆએ નુદબાની સીડી વડે ચડીને તે ખુશીને પ્રાપ્ત કરવી પડશે જે ઉચ્ચતાના શીખરે નેકીની નિશાની છે.

થાકી ગએલા મુસાફરની નજર કોઇ છાંયડાવાળા વૃક્ષને શોધે છે કે જ્યાં બેસીને થોડા સમય માટે તે શાંતિનો શ્વાસ લઇ શકે. આ જ સાંત્વન તેની મુસાફરીની સૌથી મહત્ત્વની રાહત અને આરામની ક્ષણો ઉપલબ્ધ કરાવી આપે છે અને આગળની સફર માટે નવી તાજગી આપે છે. ઇદના દિવસો જીવનના સફરમાં છાંયડાવાળા ઘટાદાર વૃક્ષની ગરજ સારે છે. ઇદની સાચી મજા તો ત્યારે મળે છે જ્યારે ઇમામની મોહબ્બત આપણી પવિત્ર પ્રકૃતિમાં કરવટો બદલે છે. આક્રંદ અને ફરિયાદ વિરહની લાંબી રાતને ટૂંકાવી દે છે કે જેથી અંતિમ કમળ ખીલવાની આશાઓનું પ્રભાત નજીક આવી જાય છે અને તેની અસરો જાહેર થવા લાગે છે. કેટલી મોટી છે દોઆએ નુદબાની નેઅમત જે અલી (અ.સ.)ના શિઆઓને મઅસુમો (અ.સ.) તરફથી નસીબ થયેલી છે. તેનો અંદાજ મહાન મરતબો ધરાવનાર આલીમે દીન અલ્લામા દાઉદ ઇલ્હામીના લખાણથી થાય છે જે તેમણે સંપાદન કરેલ અમૂલ્ય કિતાબ 'આખરીન ઉમ્મીદ'માં છે. જે નીચે મુજબ છે.

> ***'સાચું તો એ છે કે દોઆએ નુદબા કશીશથી ભરપૂર, અર્થ સભર અને વાક્તવ્યની દ્રષ્ટિએ વાક્ચાતુર્યભરી અને સાહિત્યની એકસુત્રતા ધરાવે છે. તેના મહત્ત્વની દ્રષ્ટિએ એવી જ્ઞાન સભર, અકીદતથી ભરેલી, ક્રાન્તિકારી અને અખ્લાકી દોઆ છે જે વર્તમાનને રજુ કરનારી, એહસાસને બેદાર કરવાવાળી અને પનાહ આપનારી છે. જો તેના અર્થો ઉપર ઉંડી દ્રષ્ટિ નાખવામાં આવે તો તે સ્ફુરણાનો એવો સ્ત્રોત છે જે અત્યાચારની વિરૂધ્ધ સંપૂર્ણ સમાજને ઉભો કરી શકે છે.'***

આજે સમગ્ર દુનિયાનો રંગ બદલાય ચૂક્યો છે. એવું નથી લાગતું કે આ સ્થિતિમાં ધીરે ધીરે કોઇ પરિવર્તન આવ્યું છે. બલ્કે એવું લાગે છે કે એકાએક તેણે પોતાનો જરીપૂરાણો પોષાક ઉતારીને અત્યાચાર અને જુલ્મનો પહેરવેશ પહેરીને એક ખૂની ચાદર ઓઢી લીધી છે. થોડાજ દાયકાઓમાં પ્રગતિ અને શોધખોળના મોટા મોટા ભયાનક પરિણામો એક પછી એક સતત જાહેર થઇ રહ્યા છે. એક તરફ મુસ્લિમ દેશોમાં ઇદની નમાઝ પઢાય રહી હોય છે, લોકો સ્વચ્છ, નવા અને મહેકતા કપડાં પહેરીને ઇદની નમાઝ પઢી રહ્યા હોય છે. તો બીજી તરફ ગુમરાહ આતંકીઓ મસ્જીદોમાં બોમ્બ ધડાકાઓ કરીને હજારો લોકોના લોહીથી હોળી રમે છે. યતીમ બાળકો, નિઃસહાય વિધવાઓ, વૃધ્ધ માં - બાપો કોઇ રક્ષણ આપનારની આશામાં પોતાના અંતિમ શ્વાસો ગણી રહ્યા હોય છે. આવા ખૂન ખરાબાના વાતાવરણમાં જે લોકોને ઇદ મનાવવાની તક નસીબ થઇ રહી છે તેઓના માટે તાકીદ છે કે સંપૂર્ણ ખુલુસની સાથે નબીઓ અને વસીઓની બેઅસતની ફીલોસોફી ઉપર વિચાર કરે. એવી રીતે જેવી રીતે આપણને દોઆએ નુદબાની પ્રસ્તાવનામાંજ જોવા મળે છે. અલ્લાહ તઆલાની ફરી આ મહાન નેઅમત ઉપર ચિંતન અને મનન કરે જે અલ્લાહ તઆલાએ છેલ્લા નબીના અસ્તિત્વની સાથે દુનિયાઓ માટે ફક્ત રહેમત જ રહેમત બનાવીને મોકલ્યા છે.જ્યારે કૌમ ફરી કુફ્રના કેન્દ્ર, નાસ્તિક્તા, બાદશાહત અને ગુમરાહી તરફ પોતાનું પડખું ફેરવવા લાગી ત્યારે અમીરુલ મોઅમેનીન (અ.સ.)ને આપના બિલા ફસ્લ ખલીફા નિમવામાં આવ્યા. ત્યાર બાદ એક પછી એક મઅસુમ હાદીઓ આપણા માર્ગદર્શન માટે આ જમીન પર માનવીના સ્વરુપે અનંત પ્રકાશ લઇને આવ્યા અને હકને ઓળખનારાઓને પોતાના એહસાનના ઠંડા છાંયાથી વંચિત ન કર્યા. તેમજ તેમાંના અંતિમ હાદીને ગયબતનો પરદો આપ્યો અને જેના ઉપર રહેમ કરી છે તેવી આ ઉમ્મતને તેમના ઝુહુરના મુન્તઝીર (રાહ જોનારા) બનાવ્યા. આ કૌમે મોટી મોટી મુસીબતો વેઠી છે અને વેઠી રહી છે. પરંતુ ફરઝંદે રસુલની ગયબતથી રાહનુમાઇ અને પ્રકાશમાન રસ્તા ખુલવાથી કે જે આપની ઝાતના તુફૈલમાં છે તે વાયદા મુજબ આસાન થતા જાય છે. હક પરસ્તો વચ્ચે શરીઅતનું રક્ષણ કરનારની ગૈબી મદદ અને ટેકાથી શરીઅતે મોહમ્મદીનો ચિરાગ વધુને વધુ પ્રકાશિત થતો જાય છે. આજે દરેક વ્યક્તિ કોઇ મહાન શાંતિ સ્થાપનારના ઇન્તેઝારમાં છે કે ક્યારે આ દુનિયામાં કોઇ એવી વ્યક્તિ આવે જે વધતી જતી શૈતાની તાકતોના હાથોને ભાંગી નાખે. જેની હસ્તી સમગ્ર દુનિયા

ઉપર છવાયેલી હશે. જેની આંગળીઓ દરેક જીવંત વ્યક્તિની ધોરી રગ ઉપર હશે. આ આરઝુ[૧] તો આખી દુનિયાની દરેક વ્યક્તિની છે કારણ કે દરેક જણ ધસમસતા તબાહીના પુરને જોઇ રહ્યો છે પરંતુ... માત્ર એક કૌમ તાકતવર ઉમ્મીદ[૨]ની ધરીની ચારે તરફ એકઠી થએલી છે અને ઝુહુરની હકીકતને સમજે છે. દરેક જુમ્આના દિવસે આક્રંદ અને ફરિયાદ કરે છે તેમજ દરરોજ સુબ્હની નમાઝ પછી આ મુજબ પઢે છે.

મઅસુમીન (અ.સ.)ના શબ્દોની એ અસર છે કે દોઆએ નુદબા એક સાહિત્યની કૃતિ હોવા ઉપરાંત તેમાં કમાલની એકસૂત્રતા જોવા મળે છે. ઇતિહાસનો એવો સારાંશ છે કે જે બેઅસતથી ગદીરે ખુમ સુધીના મહત્ત્વપૂર્ણ અંતરના માપને નક્કી કરે છે અને પછી મુરસલે અઅઝમ (સ.અ.વ.)નું કથન **'અય અલી (અ.સ.) જો તમે ન હોત તો મોઅમીનોની ઓળખ ન થાત.'** એક એવી યોગ્ય જગ્યાએ ઇમાનની કસોટી રાખી દીધી છે કે જેના વડે લાગણીઓ વ્યક્તિગત અને સામૂહિક રીતે ઉભરવા લાગે છે.

હઝરત અલી (અ.સ.)ની વિલાયતના છાંયામાં ઉછરેલી આ કૌમ પડતા પડતા ફરી બેઠી થઇ જાય છે અને મુસાફરીની ધૂળ ઉભી થઇને તેના જોશ અને લાગણીઓને આશ્ચર્યથી જૂએ છે. આજ દોઆ વડે અલી (અ.સ.)ની બિલા ફસ્લ ખિલાફત અને તેમના પછી રસુલ (સ.અ.વ.)ના સંતાનોની ઇમામત અને હિદાયતના સંયુક્ત ઇતિહાસ દિલોને તડપાવી દે તેવી રીતે રજુ કરે છે. તેની રજુઆતમાં નવીન શૈલી અને સુંદર સમજાવટથી એક ઉંડુ દર્દ અને બળતરા પૈદા થાય છે. ત્યાર બાદ દોઆ પઢનાર અને સાંભળનારની પ્રકૃતિમાં રસુલ (સ.અ.વ.)ની આલની મોહબ્બતનો પવિત્ર પ્રેમ અને સ્નેહ જાગૃત થઇ જાય છે અને કહે છે :

**اَیۡنَ الۡحَسَنُ اَیۡنَ الۡحُسَیۡنُ اَیۡنَ اَبۡنَاءُ الۡحُسَیۡنِ۔**

*'ક્યાં છે હસન(અ.સ.)? ક્યાં છે હુસૈન(અ.સ.)? ક્યાં છે હુસૈન(અ.સ.)ના ફરઝંદો?'*

---

૧. આરઝુ તે તમન્નાને કહે છે જે પુરી થવી અશક્ય હોય છે અને જે પ્રયત્નોથી મેળવી શકાતી નથી. જેવી રીતે દરેક ઠીંગણાની તમન્ના હોય છે કે તે લાંબો અને ઉંચો થઇ જાય.

૨. ઉમ્મીદ કોઇ એક કામના પરિણામને કહે છે જે કોઇ હેતુ સુધી પહોંચવાની કોશીશ કરે છે અને તેના પુરા થવા સુધી પ્રયત્નશીલ રહે છે.

એટલે કે અઇમ્મએ અત્હાર (અ.મુ.સ.) કે જેઓ એક પછી એક હિદાયતના ચિરાગ છે... અંતમાં છે કે :

**اَیۡنَ مُعِزُّ الۡاَوۡلِیَاءِ وَ مُذِلُّ الۡاَعۡدَاءِ۔**

*'ક્યાં છે પોતાના દોસ્તોને ઇઝઝત આપનાર અને દુશ્મનોને ઝલીલ અને નાબુદ કરનાર?*

આ રીતે ચાહનારાઓના મુખેથી જ્યારે શબ્દ સાહેબઝઝમાન અદા થાય છે. ત્યારે તેને હઝરતની સત્તા, ઇખ્તેયાર અને ઇક્તેદાર (શક્તિ)ની પ્રતિતિ થાય છે અને તેનું દિલ તેને મદદ કરનારની પનાહમાં ચાલ્યુ જાય છે.

અલી (અ.સ.)ના શીઆના જીવન અને મૃત્યુ ઉપર મઝલુમ હુસૈન (અ.સ.)ની અઝાદારીની એવી છાપ ઉપસી આવી છે કે કયામત સુધી અને કયામતની પહેલા પોતાના ઇમામના ઝુહુર સુધી આ અમાનતને એક-એક બાળકે પોતાના દિલમાં સાચવી રાખી છે. મઝલુમ હુસૈન (અ.સ.)ની અઝાદારીની ફળશ્રુતિની આ શેરમાં પ્રતિતિ થાય છે.'

'દિલ કી ઝીનત દર્દે હુસૈની
લબ કી ઝીનત પાએ હુસૈની,
આંખ કી ઝીનત ખાલીસ આંસુ
સર કી ઝીનત પાએ હુસૈની'

જ્યારે હુસૈન (અ.સ.)ના ગમમાં શોકાતૂર વ્યક્તિના કાનોમાં દોઆનું આ વાક્ય બદલાનો પોકાર બનીને સંભળાય છે ત્યારે તેની હાલતની કલ્પના એક દર્દીલુ દિલ જ કરી શકે છે.

**اَیۡنَ الطَّالِبُ بِدَمِ الۡمَقۡتُوۡلِ بِکَرۡبَلَاءَ**

*'ક્યાં છે કરબલાના શહીદોના ખૂનનો બદલો લેનાર?'*

આ દોઆની રચનામાં તેની એકસૂત્રતા સાથે તેમાં રહેલી શબ્દોની શાન અને શૌકત, ભાગ્યે જ જોવા મળતી રજુઆત, મઅરેફત અને યકીન માટેના તૌર તરીકાથી સાબિત થાય છે કે આ દોઆ ઉપર મઅસુમોની ખાસ દ્રષ્ટિ છે. અહિં આ દોઆના વિગતવાર અર્થઘટનને અવકાશ નથી. ફરી ક્યારેક મૌકો મળશે ત્યારે દોઆના એક - એક વાક્યો ઉપર તેનું અર્થઘટન, તેની વિદ્વતા, ઇલ્મી, અકીદતી, મઅરેફતના અને અન્ય પાસાઓ ઉપર પ્રકાશ પાડવાના હેતુથી સ્પષ્ટીકરણ કરવાની કોશીશ કરીશું. અહિં તો માત્ર થોડા વાક્યો અને તેના તરજુમા ઉપર જ સંતોષ માનીશું જેમકે :

**یَابۡنَ الۡقَمَاقِمَةِ الۡاَکۡرَمِیۡنَ**

*'અય ઉદાર અને સન્માનિતના ફરઝંદ!'*

يَابْنَ الْبُدُوْرِ الْمُنِيْرَةِ

*'અય ચમકતા ચંદ્રોના ફરઝંદ!'*

يَابْنَ السُّرُجِ الْمُضِيْئَةِ

*'અય રોશન ચિરાગના ફરઝંદ!'*

يَابْنَ الْعُلُوْمِ الْكَامِلَةِ

*'અય સંપૂર્ણ (ઇલાહી) ઇલ્મના ફરઝંદ!'*

يَابْنَ الصِّرَاطِ الْمُسْتَقِيْمِ

*'અય સીરાતે મુસ્તકીમ (સીધા રસ્તા) ના ફરઝંદ!'*

يَابْنَ النِّعْمَةِ السَّابِغَاتِ

*'અય ખુદાની વિપુલ નેઅમતોના ફરઝંદ!'*

يَابْنَ طٰهٰ وَ الْمُحْكَمَاتِ

*'અય તાહા અને મજબૂત નિશાનીઓના ફરઝંદ!'*

يَابْنَ يٰسٓ وَ الذَّارِيَاتِ

*'અય યાસીન અને ઝારેયાતના ફરઝંદ!'*

يَابْنَ الطُّوْرِ وَ الْعَادِيَاتِ

*'અય તૂર અને આદેયાતના ફરઝંદ!'*

અને અંતમાં આ વાક્યોથી દોઆ સંપૂર્ણ થાય છે.

......وَاسْقِنَا مِنْ حَوْضِ جَدِّهٖ صَلَّى اللّٰهُ عَلَيْهِ

وَ آلِهٖ بِكَأْسِهٖ وَ بِيَدِهٖ رَيًّا رَوِيًّا هَنِيْئًا سَائِغًا

لَّاظَمَأَ بَعْدَهٗ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ۔

*'અને તેમના (ઇમામ અ.સ.ના) જદ્દ (નબી સ.અ.વ.)ના હૌઝથી અમારી તરસને એવી રીતે બુજાવી દે. તેમના જ પ્યાલા વડે અને તેમના જ મુબારક હાથે, એક મીઠું, ઠંડુ, ચોખ્ખું, મનપસંદ પીણું (પીવડાવ) કે જેના પછી ક્યારેય પણ પ્યાસનો અહેસાસ ન થાય. અય રહેમ કરનારાઓમાં શ્રેષ્ઠ રહેમ કરનાર.'*

અય અલ્લાહ તબારક વ તઆલા! આ કૌમ ઝહરા (સ.અ.)ના ફરઝન્દ હુસૈન (અ.સ.)ની તરસ ઉપર સદીઓથી રુદન કરી રહી છે. મઅબુદ!! જ. ઝહરા (સ.અ.)ના ફરઝન્દ ઇમામે ઝમાના (અ.સ.)ને મોકલી આપ જે હુસૈન (અ.સ.)ના ખૂનનો બદલો લેનાર છે.

જેથી અમે આમ ન કહીએ કે :

**محروم رفت از تو لبِ تشنۂ حسین**

**اے آب خاک شو کہ ترا آبرو نہ ماند**

*તારાથી વંચિત રહી ગયા હુસૈનના તરસ્યા હોઠ,*
*અય પાણી! તું ધૂળ બની જા કે તારી આબરૂ ન રહી.*

અંતમાં આ દોઆએ નુદબાની સનદો વિષે પણ થોડું બયાન કરી દઇએ. જેથી મોઅમીનો અને દોઆ પઢનાર લોકોને સંપૂર્ણ ખાત્રી થઇ જાય કે દોઆએ નુદબા મુશ્કેલીઓને હલ કરનાર છે. તેના પઢવાના કારણે અલ્લાહની મહેરબાનીથી દિલને સાંત્વન મળે છે. તેના વાક્યો સ્ફુરણાબક્ષ હોવા ઉપરાંત તેના વડે રહસ્યો અને કરામતો પણ જાહેર થાય છે.

૧. કિતાબ અલ મઝારુલ કબીર – સંપાદક : મોહમ્મદ બની જઅફર અલ મશહદી, જે છઠ્ઠી સદીના પ્રખ્યાત અને વિદ્વાન હદીસકાર હતા.
૨. કિતાબ મઝારે કદીમ – તેનું સંપાદન મરહુમ તબરસી સાહેબે કર્યું હતું જે એહતેજાજ કિતાબના લેખકના સમકાલિન હતા.
૩. કિતાબ મિસ્બાહુઝ ઝાએર – સંપાદક : સૈયદ રઝી ઇબ્ને તાઉસ, જે સાતમી સદીના તકવા અને વરઅ તેમજ હદીસોની નોંધ કરવામાં ઘણા મશ્હૂર હતા.

અલ્લામા મજલીસી ભાગ-૧૦૨, પાના નં. ૧૦૨ ઉપર ઉપરોક્ત દર્શાવેલ કિતાબોમાંથી નોંધ કરે છે કે :

'આ ત્રણેય કિતાબોમાં આ દોઆ વિષે મોહમ્મદ બીન યઅકુબ બીન ઇસ્હાક બીન અબી કુર્રહ અને તેમણે મોહમ્મદ બીન હસન બીન સુફયાન અલ બઝુફરી જે ગયબતે સુગરાના ઝમાનામાં હતા, તે નાએબે ખાસ દ્વારા નોંધ કરે છે કે સાહેબુલ અમ્ર (અ.સ.)એ હુકમ આપ્યો છે કે આ દોઆને પઢ્યા કરે.'

તે ખુદા એ છે કે જે આપણી રગે ગરદનથી પણ વધુ નજીક છે અને આપણા દિલની ધડકનોનો હિસાબ રાખનાર છે. તે ખૂબ સારી રીતે જાણે છે આપણને આપણા ઇમામ (અ.સ.) સાથે કેટલો લગાવ છે. અય અલ્લાહ તબારક વ તઆલા! અમને ઇમામે ઝમાના (અ.સ.)ની મોહબ્બત અર્પણ કર. અમારા ઇમામ (અ.સ.)ની ગયબતને લીધે અમારામાં જે આક્રોશ અને ફરિયાદ બુલંદ થઇ રહી છે તેમાં અસર ઉભી કર અને અમને મઝલુમ ઇમામ હુસૈન (અ.સ.)ના ફરઝન્દના મદદગારો અને સાથીદારોમાં ભેળવી આપ. આમીન.....

* * * * *

# ઈમામે ઝમાના (અ.સ.) સાથે મુલાકાતની શક્યતાઓ

ગયબતના ઝમાનાની જવાબદારીઓમાંની એક જવાબદારી દરરોજ સુબ્હની નમાઝ પછી 'દોઆએ અહદ' પઢવી છે. હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે :

*'જે શખ્સ ચાલીસ દિવસ આ દોઆ પઢશે તેની ગણતરી અમારા કાએમ (અજ.)ના મદદગારોમાં થશે. જો તેમના ઝુહુર પહેલા તે મૃત્યુ પામશે તો ખુદા તેને કબ્રમાંથી જીવતો ઉઠાડશે જેથી ઈમામે અસ્ર (અ.સ.)ની સેવામાં હાજર થાય.'*

આ મહત્ત્વની દોઆમાં મોઅમીન સાચા દિલથી ખુદાની બારગાહમાં આ દોઆ કરે છે.

اَللّٰهُمَّ اَرِنِي الطَّلْعَةَ الرَّشِيْدَةَ وَ الْغُرَّةَ الْحَمِيْدَةَ وَ اكْحُلْ نَاظِرِىْ بِنَظْرَةٍ مِنِّى اِلَيْهِ

*'અય અલ્લાહ! મને તેમના હિદાયત ધરાવનારા ચહેરા અને તેમના પ્રસંશનીય મુખને દેખાડી દે, તેમના દિદાર થકી મારી નજરોને પ્રકાશિત બનાવી દે,'*

ગયબતના ઝમાનાની દોઆમાં આ વાક્ય મળે છે :

اَللّٰهُمَّ اِنِّى اَسْئَلُكَ اَنْ تُرِيَنِي وَلِيِّ اَمْرِكَ

*'પરવરદિગાર, હું તને દરખાસ્ત કરું છું કે તારા વલીએ અમ્રના દિદાર કરાવી આપ.'*

આ પ્રકારના વાક્યો દોઆએ નુદબામાં અને ઈમામે ઝમાના (અ.સ.) અંગેની બીજી દોઆઓમાં પણ જોવા મળે છે. દોઆએ નુદબામાં મોઅમીન આ રીતે ફરિયાદ કરે છે અને ઈમામે અસ્ર (અ.સ.)ને આ રીતે સંબોધન કરે છે.

**'આ બાબત મારા માટે ઘણી સખત છે કે હું બધાને જોઈ શકું અને આપના દિદારથી વંચિત રહું.'**

આ બધી દોઆઓ મઅસુમીન (અ.સ.) તરફથી વારીદ થઈ છે. દોઆઓમાં એજ બાબતનો ઉલ્લેખ થાય છે જે શક્ય હોય. તેથી આ દોઆઓથી સ્પષ્ટ થાય છે કે ગયબતના ઝમાનામાં ઈમામે ઝમાના (અ.સ.) સાથે મુલાકાત થઈ શકે છે. આ મુલાકાત ખુદાવંદે આલમની મહેરબાનીથી થઈ શકે છે.

**ગયબતનો અર્થ :**

અહિંયા એ યોગ્ય ગણાશે કે ગયબતના અર્થ તરફ ધ્યાન દોરવામાં આવે. ગયબતનો અર્થ શું છે તે અંગે 'અલ મુન્તઝર'ના જુદા જુદા અંકોમાં ચર્ચા થઈ ચૂકી છે. માત્ર ઈશારો કરીને આગળ વધી જઈએ છીએ કે ગયબતનો અર્થ એ નથી કે ઈમામે અસ્ર (અ.સ.) ભૂગર્ભમાં અથવા કોઈ એવી જગ્યાએ જીવન પસાર કરે છે જ્યાંથી તેમનો લોકો સાથે કોઈ સંપર્ક ન હોય.

બલ્કે ગયબતનો અર્થ એ છે કે ઈમામે અસ્ર (અ.સ.) એવી રીતે જીવન પસાર કરી રહ્યા છે કે લોકો તેમનાથી પરિચિત નથી. આપ (અ.સ.) લોકોની વચ્ચે આવે છે, લોકોની મુશ્કેલીઓ દૂર કરે છે, પરંતુ લોકો તેમને ઓળખી શકતા નથી. હઝરત ઈમામ સાદિક (અ.સ.)ની એક રિવાયતમાં છે :

*'ઈમામે અસ્ર (અ.સ.) દર વર્ષે હજમાં તશ્રીફ લાવે છે, લોકોને જૂએ છે અને તેઓને ઓળખે છે તથા લોકો તેમને જુએ છે પરંતુ ઓળખી શકતા નથી.'*

(કમાલુદ્દીન, ભાગ – ૨, પાના નં. ૪૪૦)

શું એ શક્ય છે કે એક માણસ લોકોની વચ્ચે હાજર હોય, તેઓની મુશ્કેલીઓને દૂર કરી રહ્યો હોય, તેઓના પ્રશ્નોનું નિરાકરણ કરી રહ્યો હોય પરંતુ લોકો તેને ઓળખતા ન હોય?

જ. યુસુફ (અ.સ.)ના કિસ્સામાં આ સવાલનો જવાબ મૌજુદ છે. જયારે તેમના ભાઈ મીસ્ર આવ્યા અને તેમની સેવામાં હાજર થયા ત્યારે કુરઆનના શબ્દો આ રીતે છે :

وَ جَاءَ اِخْوَةُ يُوْسُفَ فَدَخَلُوْا عَلَيْهِ فَعَرَفَهُمْ وَ هُمْ لَهٗ مُنْكِرُوْنَ۔

*''અને યુસુફના ભાઇઓ (પણ મીસ્રમાં) આવ્યા અને ખુદ તેની પાસે પહોંચ્યા, પછી યુસુફે તો તેમને ઓળખી લીધા પણ તેમણે તેને ઓળખ્યા નહિં.''*

(સુરએ યુસુફ : ૫૮)

જ્યારે અલ્લાહની હુજ્જત લોકોની વચ્ચે મૌજુદ હોય અને હુજ્જતે ખુદા ચાહે કે લોકો તેમને ન ઓળખે તો સામે હોવા પછી પણ લોકો તેમને ઓળખી શક્તા નથી.

રિવાયતોમાં છે કે ઇમામે ઝમાના (અ.સ.)માં જ. યુસુફ (અ.સ.)ની પણ એક સામ્યતા જોવા મળે છે.

જ. યુસુફ (અ.સ.)ના ભાઇઓએ તે સમયે તેમને ઓળખ્યા જ્યારે ખુદ તેમણે પોતાની ઓળખ આપી. કુરઆને કરીમમાં તેનો ઉલ્લેખ આ રીતે કરવામાં આવ્યો છે.

*''પછી જ્યારે તેઓ (હઝરત યુસુફના ભાઇઓ) તે (હઝરત યુસુફ)ની પાસે આવ્યા ત્યારે કહેવા લાગ્યા કે હે અઝીઝે મીસ્ર! અમને તથા અમારા કુટુંબને (દુકાળના કારણે) તકલીફોએ ઘેરી લીધા છે અને અમે ખૂબજ નજીવી પૂંજી લઇને આપની સેવામાં હાજર થયા છીએ. આપને ગુઝારીશ છે કે આપ અમને વધારેમાં વધારે બદલામાં આપો અને અમારા ઉપર એહસાન કરો. નિસંશય અલ્લાહ એહસાન કરનારાઓને નેક બદલો આપે છે.*

*ત્યારે હઝરત યુસુફે કહ્યું શું તમે જાણો પણ છો કે તમોએ યુસુફ અને તેના ભાઇ સાથે કેવી (ખરાબ) વર્તણુંક ચલાવી હતી જ્યારે કે તમે અજ્ઞાનતામાં હતા?*

*(આ સાંભળી તેઓ સઘળા ચોંકી પડ્યા અને પછી) બોલ્યા શું ખરેખર આપ જ યુસુફ છો? કહ્યું: હા, હું જ યુસુફ છું. અને આ મારો ભાઇ છે, ખરેજ આપણા પર અલ્લાહે (મોટો) ઉપકાર કર્યો છે, બેશક જે કોઇ તકવા અને પરહેઝગારી અપનાવે છે તથા ધીરજ ધરે છે તો નિસંશય અલ્લાહ નેક કાર્યો કરનારાઓનો બદલો એળે જવા દેતો નથી.*

*કહેવા લાગ્યા અલ્લાહની કસમ! અલ્લાહે આપને અમારા પર ખચીતજ બુઝુર્ગી અર્પણ કરી છે અને અમે ખરેજ અપરાધી છીએ.*

*(યુસુફે) કહ્યું હવે તમારા પર કોઇ દોષ નથી; (મેં તમારા ગુન્હાઓ માફ કરી દીધા છે) અલ્લાહ (પણ) તમને માફ કરે, અને તે ઉત્તમ રહેમ કરનારો છે.''* (સુરએ યુસુફ : ૮૮ થી ૯૨)

આ આયતો ઉપર વિચાર કરવાથી સ્પષ્ટ થાય છે કે આ લોકો જનાબે યુસુફ (અ.સ.)ને ઓળખી ન શક્યા બલ્કે તેમની સાથે ઉભા રહેલા તેમના ભાઇ બિન્યામીનને પણ ન ઓળખી શક્યા જે અગાઉની સફરમાં તેમની સાથે હતા અને જેમને જનાબે યુસુફ (અ.સ.)એ પોતાની પાસે રોકી લીધા હતા. તેનો અર્થ એ થયો કે અગર ખુદાની હુજ્જત ચાહે તો સામે હોવા છતાં લોકો તેમને જ ન ઓળખી શકે બલ્કે તેને પણ ન ઓળખી શકે કે જેને હુજ્જતે ખુદા ન ઓળખાવવા ચાહે અને તે જ્યારે ચાહે ત્યારે લોકો તેમને ઓળખી શકે.

આથી જે સમયે ઇમામે ઝમાના (અ.સ.) ચાહશે અને ખુદાની મસ્લેહત હશે ત્યારે લોકો તેમને ઓળખી લેશે.

આ ગયબતના ઝમાનામાં આપણી દોઆ છે કે આપણને સૌને તેમના દિદાર નસીબ થાય.

## મુલાકાતના પ્રકારો :

### (૧) રુહાની મુલાકાત :

આપણે રુહાની રીતે એવો સંપર્ક પૈદા કરીએ કે ખુદ ઇમામે અસ્ર (અ.સ.) સામે હોવાનું મહેસુસ કરીએ. જેવી રીતે એક ઇન્સાન જ્યારે દૂરથી ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત મઅરેફતની સાથે પઢે છે તે પોતાને ખુદને રુહાની રીતે ઇમામ હુસૈન (અ.સ.)ની સામે અનુભવે છે. તેને એવી અનુભૂતિ થાય છે કે જાણે ઇમામ હુસૈન (અ.સ.) તેની સામે હાજર છે અને તે તેમને સલામ કરી રહ્યો છે. જ્યારે કોઇને આ ખુશનસીબી પ્રાપ્ત થાય છે ત્યારે તે અંદરથી બદલાઇ જાય છે અને આંખોમાંથી આંસુ ટપકવા લાગે છે.

જ્યારે કોઇ 'અસ્સલામો અલય્ક યા સાહેબઝઝમાન' કહે છે ત્યારે તે રુહાની રીતે ઇમામે અસ્ર (અ.સ.) સાથે સંપર્ક પૈદા કરે છે. હા, આ તે સલામ અને ઝિયારતની વાત છે જે સંપૂર્ણ મઅરેફત અને ધ્યાન પૂર્વક અદા કરવામાં આવે. બેધ્યાન અને આદતના લીધે પઢવામાં આવતી ઝિયારતની વાત નથી. આ રુહાની સંપર્ક અંગે દોઆએ નુદબાના આ વાક્યો કેટલા અર્થસભર છે.

بِنَفْسِي اَنْتَ مِنْ مُغَيَّبٍ لَمْ يَخْلُ مِنَّا

بِنَفْسِىْ اَنْتَ مِنْ نَازِحٍ مَا نَزَحَ عَنَّا

*'મારી જાન આપના ઉપર કુરબાન થાય, આપ એ ગાયબ છો કે જેમની યાદથી અમારું અસ્તિત્વ કદી ખાલી નથી,*

*મારી જાન આપના ઉપર કુરબાન થાય, તમે તે વિખુટા પડેલા છો જે ક્યારેય અમારાથી જુદા નથી.'*

ગાએબ રહીને પણ તેઓ હાજર છે તથા નજીક રહીને પણ દૂર છે.

**(૨) સ્વપ્નમાં મુલાકાત :**

લોકોએ ઇમામે ઝમાના (અ.સ.) સાથે સ્વપ્નમાં મુલાકાત કરી હોય તેવા ઘણા બધા પ્રસંગો મળે છે. રિવાયતોમાં આમાલની રીત, અમૂક ચોક્કસ દોઆઓ અને કુરઆને મજીદના ખાસ સુરાઓ સૂચવવામાં આવ્યા છે જેને પઢવાથી અને તેના ઉપર અમલ કરવાથી મઅસુમ ઇમામો (અ.સ.)ને સ્વપ્નમાં જોઇ શકાય છે. હઝરત ઇમામ સાદિક (અ.સ.)એ ફરમાવ્યું :

*'અગર કોઇ શખ્સ દરેક શબે જુમ્આ સુરએ બની ઇસ્રાઇલની તિલાવત કરે તો તે ત્યાં સુધી મૃત્યુ નહિં પામે જ્યાં સુધી કે તે કાએમ (અ.સ.)ના દિદાર ન કરી લ્યે તથા તેની ગણતરી તેમના સાથીદારોમાં થશે.'*

(મિક્યાલુલ મકારિમ (ફારસી) ભાગ - ૨, પાના નં. ૫૨૮)

**(૩) મુકાશફહમાં મુલાકાત :**

માનવીની રુહને ખુદાવંદે આલમે એ શક્તિ આપી છે કે જો તેને ભૌતિક સંબંધોથી મુક્ત રાખવામાં આવે તો તેની સામેથી બધાજ પરદાઓ હટી જાય છે. આ સિદ્ધિ ઘણી મહેનત પછી પ્રાપ્ત થાય છે. આ શક્તિ વડે માનવી ભવિષ્યના બારામાં આગાહી મેળવી શકે છે. માનવી મુકાશફહમાં પણ ઇમામે ઝમાના (અ.સ.)ની મુલાકાતનું સન્માન મેળવી શકે છે. પરંતુ આ બાબત ખાસ ધ્યાનમાં રહે કે મુકાશફહમાં ઇમામે ઝમાના (અ.સ.)ના દિદારનું સન્માન માત્ર ત્યારેજ મળી શકે જ્યારે કે ઇમામે ઝમાના (અ.સ.) પરવાનગી આપે. અગર તેમની પરવાનગી કે મરજી ન હોય તો લાખ મહેનતો પણ ઇમામ (અ.સ.)ના દિદાર કરાવી શકતી નથી. આ બધું તેમની મહેરબાનીથી સંબંધિત છે.

**(૪) જાહેરી મુલાકાત :**

તેના અમૂક પ્રકારો છે :

અ. મુલાકાત નસીબ થાય પરંતુ મુલાકાત દરમ્યાન કે મુલાકાતની બાદ એ એહસાસ પણ ન થાય કે ઇમામે ઝમાના (અ.સ.)ની સાથે મુલાકાત થઇ હતી.

બ. મુલાકાત નસીબ થાય પરંતુ મુલાકાત દરમ્યાન એહસાસ ન થાય કે ઇમામે ઝમાના (અ.સ.)ની સાથે મુલાકાત થઇ રહી છે. મુલાકાત બાદ ખબર પડે કે જેમની સાથે વાતચીત થઇ રહી હતી તે બીજું કોઇ નહિં પરંતુ હઝરત હુજ્જત (અ.સ.)ની પવિત્ર ઝાત હતી. તેના પણ બે પ્રકાર છે.

(૧) ક્યારેક મુલાકાત બાદ તરતજ એ એહસાસ થઇ જાય છે.

(૨) ક્યારેક અમૂક સમય પસાર થયા પછી એ એહસાસ થાય છે.

ગયબતે કુબરા દરમ્યાન ઇમામે ઝમાના (અ.સ.) સાથેની મુલાકાતના જે પ્રસંગોની નોંધ કરવામાં આવી છે તેમાં આ પ્રકારની મુલાકાતના ઘણા બધા પ્રસંગો જોવા મળે છે.

(ક) મુલાકાત દરમ્યાન જ એ એહસાસ થઇ જાય કે જે પવિત્ર વ્યક્તિના દિદારનો લાભ મળી રહ્યો છે તે ખુદ બકીય્યતુલ્લાહિલ અઅઝમ, હજરત હુજ્જત ઇબ્નીલ હસનીલ અસ્કરી (અ.સ.) છે. આ પ્રકારની મુલાકાતના પ્રસંગો બહુ ઓછા છે. ઇસ્માઇલ હરકલીનો પ્રસંગ આ જ પ્રકારનો એક પ્રસંગ છે અથવા જનાબ અલ્લામા સૈયદ મહદી બહરુલ ઓલુમનો પ્રસંગ.

## ઇમામ (અ.સ.) જીવંત છે :

હઝરત વલીએ અસ્ર (અ.ત.ફ.શ.) સાથેની મુલાકાતના પ્રસંગો એટલી મોટી સંખ્યામાં છે કે કોઇપણ આ મુલાકાતની વાસ્તવિકતાથી ઇન્કાર કરી શકતું નથી.

આ મુલાકાતથી અમૂક વાતો સ્પષ્ટ થાય છે.

૧. ઇમામે ઝમાના (અ.સ.) જીવતં છે.
૨. આ દુનિયામાંજ જીવન વિતાવી રહ્યા છે.
૩. લોકોની મુશ્કેલીઓને દૂર કરે છે.
૪. આપણે આપણી મુશ્કેલીઓમાં તેમની તરફ રજુ થવું જોઇએ.
૫. દુનિયા અલ્લાહની હુજ્જતથી ખાલી નથી.

૬. આ મુલાકાતો એ બધાના મોઢાં ઉપર તમાચો છે જે આપના અસ્તિત્વનો ઈન્કાર કરે છે અથવા તેમની તાકત અને શક્તિનો સ્વિકાર કરતા નથી.

## કોણ મુલાકાત કરી શકે છે?

આપની સાથેના મુલાકાતના પ્રસંગોનો અભ્યાસ કરવાથી એ જાણવા મળે છે કે મુલાકાત કરનાર વ્યક્તિ કોઇ ખાસ ગુણથી સંબંધ ધરાવતો હોતો નથી. તેમાં આલિમો તેમજ આલિમ સિવાયના લોકોનો પણ સમાવેશ થાય છે. તેમાં મુત્તકી અને પરહેઝગાર પણ છે અને ગૈર મુત્તકી પણ, વેપારી પણ અને ગૈર વેપારી પણ, મજુરો પણ અને તે સિવાયના લોકો પણ, ગરીબ, અમીર, દુઃખી, એટલે સુધી કે ગૈર શીઆ વ્યક્તિઓનો પણ તેમાં સમાવેશ થાય છે. તેમાં કોઇ એક ખાસ પ્રકારની વ્યક્તિઓ નથી. આ હકીકત ઉપરથી એમ જણાય છે કે આ મુલાકાતનો આધાર ઇમામે અસ્ર (અ.સ.)ની મહેરબાની ઉપર છે.

હા, તેમાં તકવા, પરહેઝગારી, દોઆ, રુદન, મુલાકાતની તીવ્ર ઇચ્છા, તડપ અને મુલાકાત માટેની ઉત્કંઠાથી મુલાકાતની શક્યતાઓ પ્રબળ બની શકે છે પરંતુ તેનાથી મુલાકાતની ખાત્રી આપી શકાતી નથી.

મુલાકાત ન થવાનું કારણ ખુદ ઇમામે ઝમાના (અ.સ.) એ તેમની એક તવકીઅ (લેખિત સંદેશા)માં બયાન ફરમાવ્યું છે.

*(૧) 'ખુદા અમારા શીઆને તાબેદારી કરવાની તૌફીક આપે. જો તે લોકો તેઓના વાયદા અને વચનનું પાલન કરતા હોત તો અમારી મુલાકાતની નેઅમતમાં વિલંબ ન થાત. મઅરેફતની સાથે અમારા દિદારની ખુશનસીબી તેઓને જલ્દી નસીબ થતી.*

*જે વસ્તુએ અમને તેઓથી દૂર કરી દીધા છે તે તેમના તરફથી અમારા સુધી પહોંચતી એ ખબરો છે જે અમને નાપસંદ છે અને અમે તેઓ પાસેથી તેની આશા નથી રાખતા.'*

(એહતેજાજે તબરસી, ભાગ - ૨, પાના નં. ૩૨૫, નોંધ મીક્યાલુલ મકારીમ (ફારસી) ભાગ - ૧, પાના નં. ૧૯૦)

આ તવકીઅ ઉપરથી જણાય છે કે આપની મુલાકાત ન થવાનું કારણ ખુદ આપણે અને આપણા આમાલ તથા ખાસ કરીને એવા કાર્યો છે કે જે આપણા ઇમામને નાપસંદ છે અને જેની તેઓ આપણી પાસેથી અપેક્ષા રાખતા નથી.

(૨) અલી બીન ઇબ્રાહીમ બીન મેહઝીયાર એવી ખુશનસીબ વ્યક્તિઓમાંથી છે જેમને હઝરત હુજ્જત ઇબ્નીલ હસન (અજ.) સાથે મુલાકાતનું સન્માન મળેલ છે. જેની વિશેષતા એ હતી કે તે જાણતા હતા કે તે ઇમામે ઝમાના (અ.સ.) સાથે મુલાકાત કરી રહ્યા છે. જ્યારે તે ઇમામ (અ.સ.)ની સેવામાં હાજર થયા, ત્યારે ઇમામ (અ.સ.)એ ફરમાવ્યું :

*'અય અબુલ હસન, અમે રાત દિવસ તમારી રાહમાં હતા. ક્યા કારણથી આવવામાં મોડું થયું?'*

તેણે જવાબ આપ્યો. મૌલા કોઇ એવું ન હતું જે મને તમારા સુધી પહોંચાડે.

આપે ફરમાવ્યું :

*'તમને કોઇ અહિં સુધી પહોંચાડનાર ન મળ્યું!'*

પછી ઇમામ (અ.સ.)એ પોતાની મુબારક આંગળીથી જમીન ઉપર લીટી દોરી અને ફરમાવ્યું :

*'નહિં એવું નથી પરંતુ,*

** તમે લોકોએ માલમાં વધારો કર્યો છે,*

** તમે લોકો નબળા મોઅમીનોની સાથે અકડાઇને વર્તો છો અને*

** તમે તમારા સગપણોને તોડી નાખ્યા છે.*

*આ ઉપરાંત પણ કોઇ બહાનુ બાકી રહી જાય છે?'*

તેણે કહ્યું :

*'મૌલા, તૌબા, તૌબા, માફી, માફી.'*

પછી ફરમાવ્યું :

*'અય ઇબ્ને મેહઝીયાર, જો તમારામાંથી અમૂક લોકો અમૂકના માટે ઇસ્તીગફાર ન કરતા હોત તો માત્ર ખાસ શીઆઓની સિવાય બધા હલાક થઇ જાત અને ખાસ શીઆ તેઓ છે કે જેનું કથન અને કાર્ય એક હોય છે.'*

(તબ્સેરતુલ વલી, પાના નં : ૧૪૬)

આ મુલાકાતથી એ જાણવા મળે છે કે ઇમામે અસ્ર (અ.સ.)ના દિદાર ન થવાના કારણોમાં વધારે પડતો માલ ભેગો કરવો, મોઅમીનો સાથે અકડાઇને વર્તવું અને સગાઓથી દૂર રહેવું છે.

અગર આ બાબતો ઇમામ (અ.સ.)થી દૂર રહેવાના કારણો છે અને અગર આપણે તેમની નજદિકી ચાહતા હોઇએ તો આપણે તે દરેક બાબતોથી દૂર રહેવું જોઇએ. જો આપણે ખરેખર અલ્લાહ અને રસુલના માટે ગુનાહોથી દૂર રહેશું અને ખુદા પાસે ઇમામ (અ.સ.)ની મુલાકાતની દોઆ કરીશું તો એ સમય દૂર નથી કે ઇમામે અસ્ર (અ.સ.)ની મહેરબાની આપણા ઉપર પણ થઇ જાય.

આમીન.....

# ઈમામે ઝમાના (અજ.)ની જુમ્આના દિવસની ઝિયારતની સમજૂતિ

ગયા અંકમાં આપણે ઈમામે ઝમાના (અ.સ.)ની જુમ્આના દિવસની ઝિયારતની સમજુતીની શરુઆત કરી હતી. હવે આપણે આ ઝિયારતની વધુ સમજણ જોઈએ.

(૨) اَلسَّلَامُ عَلَيْكَ يَا عَيْنَ اللّٰهِ فِيْ خَلْقِهٖ:

*'સલામ થાય આપ ઉપર અય ખુદાના સર્જનોની રખેવાળી કરનાર અને જવાબદાર.'*

'અય્ન' શબ્દનો અર્થ છે આંખ (સુરએ માએદાહ, ૫૪) તેનાથી જ તેનો બીજો અર્થ કાઢવામાં આવે છે જેમકે ઝરણું (સુરએ બકરહ : ૬૦). કુરઆને શરીફમાં આ શબ્દનો ઉપયોગ ઉપરોક્ત બંને અર્થોમાંજ થયો છે. આમ તો તેના ઘણા જુદા જુદા અર્થો થાય છે. અરબી ભાષાના મશ્હૂર સાહિત્યકાર રાગીબ ઈસ્ફહાની મુજબ તેનો મૂળ અર્થ આંખ થાય છે તથા બીજા અર્થમાં તેનો ઉપયોગ મૂળ અર્થથી લીધેલ છે તેથી તેમના મત મુજબ અય્નનો અર્થ ઝરણું એ સમાનતાને લીધે લેવામાં આવે છે કે જેવી રીતે આંખમાંથી આંસુ ઉભરાય છે તેવી જ રીતે ઝરણાંમાંથી પાણી ઉભરાય છે. (વધુ વિગત માટે 'અલ મફરદાત'માં જુઓ)

ઝિયારતના આ વાક્યમાં ઈમામે ઝમાના (અ.સ.)ને ખુદાની આંખના લકબ વડે યાદ કરવામાં આવ્યા છે. કુરઆને મજીદમાં ખુદાવંદે તઆલાએ પોતાની આંખનો ઉલ્લેખ કર્યો છે. ફરમાન છે કે :

فَاصْبِرْ لِحُكْمِ رَبِّكَ فَاِنَّكَ بِاَعْيُنِنَا

*''અને અય રસુલ તમે તમારા પરવરદિગારના હુકમના ઈન્તેઝારમાં ધીરજ રાખો બેશક તમો અમારી નજરની સામે છો.''*

(સુરએ તૂર : ૪૮)

સ્પષ્ટ છે કે ઈસ્લામી તવહીદનું અમલીકરણ એ છે કે અલ્લાહ તબારક વ તઆલા દરેક પ્રકારની સામ્યતા અને શારિરીક રુપથી પાક અને મુક્ત છે. આથી આંખને તેની સાથે જોડવી તે માનવાચક વધારો છે જેમકે ..... ખાનએ કાબાને અલ્લાહે પોતાનું ઘર અને હઝરત સાલેહ (અ.સ.)ની ઊંટણીને પોતાની ઊંટણી કહી છે.

એહલેબય્ત (અ.સ)ની ભરોસાપાત્ર હદીસો મુજબ મઅસુમો અલ્લાહની આંખ છે. જે અલ્લાહના સર્જન ઉપર દેખરેખ રાખે છે. આ સમૂહમાં હદીસો તો ઘણી છે. પરંતુ માનનીય વાંચકો સમક્ષ બરકતરુપે બે હદીસો રજુ કરીએ છીએ. અલ્લામા શયખ મોહમ્મદ બાકીર મજલીસીએ તેમની મશ્હૂર કિતાબ બેહારુલ અન્વારમાં એક સંપૂર્ણ પ્રકરણ આ વિષય ઉપર લખ્યું છે. તેમાં ૬૩ હદીસોની નોંધ કરી છે.

(૧) ખિસેમાનું બયાન છે કે મેં ઈમામ સાદિક (અ.સ.)ને અલ્લાહ અઝઝ વ જલ્લના ફરમાન :

كُلُّ شَیْءٍ هَالِكٌ اِلاَّ وَجْهَهٗ

*''દરેક વસ્તુનો નાશ થઈ જનાર છે સિવાયકે ખુદાનો ચહેરો.''*

બાબત પુછ્યું તો આપ (અ.સ.)એ ફરમાવ્યું :

'વજહ (ખુદાના ચહેરા)થી મુરાદ ખુદાનો દીન અને રસુલ (સ.અ.વ.) અને અમીરુલ મોઅમેનીન (અ.સ.)નો દીન છે અને તેમનો ચહેરો છે અને તેમની આંખો છે તેમના બંદાઓની દરમ્યાન.'

(બેહારુલ અન્વાર, ભાગ - ૨૪, પાના નં. ૧૯૭, હદીસ નં. ૨૩, શૈખ સદૂક (રહ.)ની તૌહીદ, પેજ નં. ૧૪૦ ઉપરથી નોંધવામાં આવી છે.)

(આ વાત આપના ધ્યાનમાં રહે કે ખુદાનો ચહેરો શારિરીક નથી. અહિં મઅસુમ ઈમામો (અ.સ.)ને અલ્લાહનો ચહેરો એટલા માટે કહેવામાં આવ્યો છે કે તે પવિત્ર હસ્તીઓ થકી જ માનવી તેના સર્જનહારની તરફ વળે છે.)

(૨) ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે :

اِنَّ اَمِيْرَ الْمُؤْمِنِيْنَ عَلَيْهِ السَّلَامُ قَالَ:

اَنَا عِلْمُ اللّٰهِ...... وَ عَيْنُ اللّٰهِ النَّاظِرَةُ.

*'બેશક અમીરુલ મોઅમેનીન (અ.સ.)એ ફરમાવ્યું : હું અલ્લાહનું ઈલ્મ છું ...... અને તેની જોવાવાળી આંખ.'*

(બેહારુલ અન્વાર, ભાગ - ૨૪, પાના નં. ૧૯૮, હદીસ નં. ૨૫ નકલ તૌહીદ - શૈખ સદૂક કૃત પાના નં. ૧૫૨, ૧૫૫)

તારણ એ કે આજના સમયમાં આપણા ઈમામે ઝમાના

(અ.સ.) એહલેબય્ત (અ.સ.)ના પ્રતિનિધિ છે અને અલ્લાહ તઆલાની એ આંખ છે જે તેના સર્જન ઉપર દેખરેખ રાખે છે.

**(૩) اَلسَّلَامُ عَلَيْکَ يَا نُوْرَ اللهِ الَّذِیْ يَهْتَدِیْ بِهٖ الْمُهْتَدُوْنَ وَ يُفَرَّجُ بِهٖ عَنِ الْمُؤْمِنِيْنَ**

*'સલામ થાય આપના ઉપર અય અલ્લાહના નુર કે જેમના થકી હિદાયત પામનારાઓ હિદાયત મેળવે છે અને જેમના થકી મોઅમીનોની મુસીબત દૂર થાય છે.'*

શીઆ અને સુન્ની વિદ્વાનો સર્વ સંમત છે કે પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.) અને એહલેબય્ત (અ.સ.) ખુદાના નુર છે. જેમના થકી લોકોની હિદાયત કરવામાં આવે છે.

કુરઆને કરીમમાં સુરએ નુરની આયત અને તેની તફસીર જુઓ.

**اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ، مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِيْهَا مِصْبَاحٌ، اَلْمِصْبَاحُ فِىْ زُجَاجَةٍ، اَلزُّجَاجَةُ كَاَنَّهَا كَوْكَبٌ دُرِّىٌّ يُّوْقَدُ مِنْ شَجَرَةٍ مُّبٰرَكَةٍ زَيْتُوْنَةٍ لَّا شَرْقِيَّةٍ وَّلَا غَرْبِيَّةٍ، يَّكَادُ زَيْتُهَا يُضِىٓءُ وَلَوْ لَمْ تَمْسَسْهُ نَارٌ، نُوْرٌ عَلٰى نُوْرٍ، يَهْدِى اللّٰهُ لِنُوْرِهٖ مَنْ يَّشَآءُ، وَ يَضْرِبُ اللّٰهُ الْاَمْثَالَ لِلنَّاسِ، وَاللّٰهُ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ.**

*''અલ્લાહ આકાશ તથા ઝમીનનું નૂર છે; તેના નૂરનો દાખલો એક ગોખલાના જેવો છે જેમાં એક દીવો બળતો હોય, અને તે દિવો કાચના એક ફાનસમાં (મૂકેલો) હોય, અને તે ફાનસ એવું હોય જેવો કે એક ઝગમગતો તારો, અને તે ઝૈતુનના મુબારક વૃક્ષના તેલથી રોશન થએલો હોય, જે ઝાડ ન પૂર્વ(નું) છે ન પશ્ચિમ(નું) બહુજ નજીકમાં છે કે તેનું તેલ પોત મેળે રોશન થઇ જાય, (પછી) ભલેને તેને આગ અડકે પણ નહિં. નૂર ઉપર નૂર છે; અલ્લાહ જેને ચાહે છે તેને પોતાના નૂર તરફનો માર્ગ દેખાડી દે છે; અને અલ્લાહ લોકો માટે (આવા સ્પષ્ટ) દાખલા વર્ણવે છે; અને અલ્લાહ દરેક વસ્તુનો જાણકાર છે.''*

(સુરએ નુર : ૩૫)

આ આયતની તફસીરમાં મશહૂર સુન્ની આલીમ ઇબ્ને મગાઝેલી શાફેઇ તેની કિતાબ અલ મનાકિબમાં રિવાયતની નોંધ કરે છે કે અલી બીન જઅફર ફરમાવે છે કે મેં ઇમામ અબુલ હસન (અ.સ.) પાસેથી અલ્લાહ અઝઝ વ જલ્લનું આ ફરમાન كَمِشْكٰوةٍ فِيْهَا مِصْبَاحٌ ના બારામાં સવાલ કર્યો. તો આપ (અ.સ.)એ જવાબ આપ્યો.

*'મિશ્કાત (ગોખલા)થી મુરાદ જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) છે અને મિસ્બાહ (ચિરાગ)થી મુરાદ ઈમામ હસન અને ઈમામ હુસૈન (અ.સ.) છે. اَلزُّجَاجَةُ كَاَنَّهَا كَوْكَبٌ دُرِّىٌّ અને કાચ ચમકતા સિતારાની જેમ હોવાથી મુરાદ જનાબે ફાતેમા (સ.અ.) દુનિયાની તમામ સ્ત્રીઓ વચ્ચે એક ચમકતાસિતારાની માફક છે. يُوْقَدُ مِنْ شَجَرَةٍ مُبَارَكَةٍ થી મુરાદ હઝરત ઈબ્રાહીમ (અ.સ.) છે. لَا شَرْقِيَّةٍ وَ لَا غَرْبِيَّةٍ એટલે હઝરત ઈબ્રાહીમ (અ.સ.) ન યહુદી હતા, ન ઈસાઈ. يَكَادُ زَيْتُهَا يُضِىٓءُ ખુદ તે તેલ નજદિક છે કે પોતે પ્રકાશ આપવા લાગે અર્થાંત ટૂંક સમયમાં તેમાંથી ઈલ્મી ચર્ચાનો સ્ત્રોત નિકળશે وَلَوْ لَمْ تَمْسَسْهُ نَارٌ نُوْرٌ عَلٰى نُوْرٍ ભલે પછી તેને આગ ન પણ સ્પર્શે તો પણ તે નૂર ઉપર નૂર છે અર્થાંત તેમાંથી એક પછી એક ઈમામ થશે. يَهْدِى اللّٰهُ لِنُوْرِهٖ مَنْ يَّشَآءُ અલ્લાહ જેને ચાહે છે તેને પોતાના નુરની તરફ માર્ગદર્શન આપે છે અર્થાંત અલ્લાહ જેને ચાહે તેને અમારી વિલાયત અને ઈમામત તરફ માર્ગદર્શન કરે છે.'*

(મનાકીબે ઇબ્ને મગાઝેલી, પાના નં. ૩૧૭)

આ રિવાયત તો એહલે સુન્નતની કિતાબોમાંથી છે. જ્યારે શીઆ રિવાયતો તો અસંખ્ય છે. તેમાંની એક હદીસ આપની ખિદમતમાં રજુ કરીએ છીએ.

જાબીર ઇબ્ને અબ્દુલ્લાહ અન્સારી (રહ.) કહે છે કે જ્યારે હું કુફાની મસ્જીદમાં દાખલ થયો ત્યારે અમીરુલ મોઅમેનીન (અ.સ.) પોતાની આંગળીથી કાંઇક લખી રહ્યા હતા અને સ્મિત કરી રહ્યા હતા. મેં સવાલ કર્યો :

'અય અમીરૂલ મોઅમેનીન! આપની મુસ્કુરાહટનું કારણ શું છે?'

આપ (અ.સ.)એ ફરમાવ્યું :

'મને આશ્ચર્ય થાય છે એ માણસ ઉપર જે આ આયતની તિલાવત કરે અને જે તેની મઅરેફતનો હક છે તે ન જાણે.'

મેં પુછ્યું : 'અય અમીરૂલ મોઅમેનીન, કઇ આયત?'

આપ (અ.સ.)એ ફરમાવ્યું :

*'ખુદાના આ ફરમાન اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَ الْاَرْضِ مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ માં مِشْكٰوةٍ થી મુરાદ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) છે فِيْهَا مِصْبَاح હું જ તે ચિરાગ છું. فِىْ زُجَاجَةٍ કાચથી મુરાદ (ઇમામ) હસન અને હુસૈન (અ.સ.) છે. كَاَنَّهَا كَوْكَبٌ دُرِّىٌّ થી મુરાદ અલી બીન હુસૈન (અ.સ.) છે. يُوْقَدُ مِنْ شَجَرَةٍ مُبَارَكَةٍ. મોહમ્મદ બીન અલી (અ.સ.) છે. زَيْتُوْنَةٍ જઅફર બીન મોહમ્મદ (અ.સ.) છે. لَا شَرْقِيَّةٍ وَ لَا غَرْبِيَّةٍ મુસા બીન જઅફર (અ.સ.) છે. يَكَادُ زَيْتُهَا يُضِىْٓءُ અલી બીન મુસર રેઝા (અ.સ.) છે. وَ لَوْ لَمْ تَمْسَسْهُ نَارٌ મોહમ્મદ બીન અલી (અ.સ.) છે. نُوْرٌ عَلٰى نُوْرٍ અલી બીન મોહમ્મદ (અ.સ.) છે. يَهْدِى اللّٰهُ لِنُوْرِهٖ مَنْ يَشَآءُ અલ હસન બીન અલી (અ.સ.) છે. અલ કાએમ અલ મહદી (અ.સ.) છે.'*

(ગાયતુલ મરામ, સૈયદ હાશીમ બહરાની કૃત, પાના નં. ૩૧૮)

આ રિવાયત નુરની આયતની બાતેની તફસીર છે. મરહુમ શેખ હાદી તેહરાની (અ.મ.)એ તેની ઉપર 'રિસાલતુન નુરીય્યહ' નામનો એક સંપૂર્ણ લેખ લખેલ છે. જે વાંચકોને વિગતવાર જાણકારી દરકાર હોય તેઓ આ લેખનો અભ્યાસ કરે.

અલ્લામા મજલીસીએ બેહારૂલ અન્વારના ૧૮માં પ્રકરણમાં ૪૨ હદીસોની નોંધ કરી છે જેમાં દર્શાવવામાં આવેલ છે કે મઅસુમ ઇમામો (અ.સ.) અલ્લાહના નુર છે. વધુ વિગતો માટે જુઓ ભાગ - ૨૩, પાના નં. ૩૦૪. આ પ્રકરણની એક હદીસ વાંચકોની ખિદમતમાં રજુ કરીએ છીએ. અબુ ખાલિદે કાબુલીએ ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ને કુરઆને કરીમની આ આયત

فَاٰمِنُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ وَ النُّوْرِ الَّذِىْٓ اَنْزَلْنَا

*"તો પછી ઇમાન લાવો અલ્લાહ ઉપર તથા તેના રસુલ ઉપર તથા તે નૂર ઉપર કે જેને અમોએ ઉતાર્યું છે."*

(સુરએ તગાબુન, આયત નં. ૮)

ના બારામાં સવાલ કર્યો. ઇમામ (અ.સ.)એ જવાબ આપ્યો.

*'અય અબુ ખાલીદ! ખુદાની કસમ! નુરથી મુરાદ આલે મોહમ્મદ (સ.અ.વ.)ના ઇમામો છે. કયામતના દિવસ સુધી ખુદાની કસમ તેઓજ અલ્લાહના નુર છે જેમને ઉતારવામાં આવ્યા છે. ખુદાની કસમ! તેઓ આસમાનો અને જમીનોમાં અલ્લાહના નુર છે. અય અબુ ખાલીદ! ખુદાની કસમ, ઇમામનું નુર મોઅમીનોના દિલોમાં દિવસના ચમકતા સૂરજ કરતા વધુ પ્રકાશિત છે. ખુદાની કસમ, તેઓ (ઇમામો) મોઅમીનોના દિલોને પ્રકાશિત કરે છે. અલ્લાહ જેનાથી ચાહે તેનાથી પોતાના નુરને છુપાવી દે છે. જેના પરિણામ સ્વરુપ તેઓના દિલ કાળા અને અંધકારમય થઇ જાય છે. અય અબુ ખાલીદ! ખુદાની કસમ, કોઇ પણ વ્યક્તિ અમારી સાથે તે સમય સુધી મોહબ્બત નહિં કરે અને અમારી વિલાયતને નહિં સ્વિકારે જ્યાં સુધી અલ્લાહ તેઓના દિલોને પાક અને સાફ ન કરી દયે, અને અલ્લાહ કોઇ શખ્સનું દિલ ત્યાં સુધી પાક અને સાફ નથી કરતો જ્યાં સુધી તેઓ અમને તસ્લીમ ન કરે અને જ્યારે તે અમને તસ્લીમ કરશે તો અલ્લાહ તેઓને કડકાઇ ભર્યા હિસાબથી સુરક્ષિત રાખશે અને કયામતના મોટા અને ભયાનક ડરથી તેઓને બચાવી લેશે'.*

(બેહાર, ભાગ - ૨૩, પાના નં. ૩૦૮, હદીસ નં. ૫. હવાલો તફસીરે અલી બીન ઇબ્રાહીમ કુમ્મી : ઉપરોક્ત આયત હેઠળ)

સ્પષ્ટ છે કે જ્યારે ઇમામો (અ.સ.) નુર છે અને તે રૂહાની નુર છે જે નુરોના અસ્તિત્વથી અનંત રીતે પ્રખર અને સિદ્ધ છે તેથી આ રૂહાની નુરની અસર પણ એટલી જ શક્તિશાળી છે. આ અસરોમાંની બે અસર વિષે ઝિયારતના આ વાક્યમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલે કે આ નુર થકી લોકોની હિદાયત થાય છે અને મોઅમીનો (જેઓ હિદાયત પામેલા છે) તેઓને વિશાળતા (કુશાદગી) આપવામાં આવે છે. વિશાળતા માટે 'ફરજ' શબ્દનો ઉપયોગ થયો છે. તથા રિવાયતોમાં

**અનુસંધાન પાના નં. ૨૬ ઉપર**

# ઈમામે ઝમાના (અજ.) અને ફીકહના હુકમો (શરીઅતના મસઅલાઓની જાણકારી)

દુનિયાની એ રસમ છે કે જ્યારે કોઇના વ્યક્તિત્વનો અંદાજ બે પ્રકારે થાય છે. એક તો એ કે તેણે પોતાના જીવનમાં શું શું કર્યું અને બીજું તેણે આવનારી પેઢી માટે શું છોડ્યું. આપણા વિષયનો સંબંધ બીજા પ્રકાર સાથે છે. આપણે શીઆ ઇસ્નાઅશરી ઇમામ (અ.સ.)ની ઇસ્મત અને ઇલ્મને અલ્લાહ તરફથી આપવામાં આવ્યું છે તેમ માનીએ છીએ. પરંતુ જ્યારે આપણે કોઇ ઇમામ (અ.સ.)નું જીવન ચરિત્ર્ય જાણવા માગીએ છીએ ત્યારે સૌથી મહત્ત્વના અને સૌથી વધુ જે પાસા ઉપર દ્રષ્ટિ કેન્દ્રિત કરીએ છીએ તે દરેક ઇમામનો ઇલ્મી વારસો છે. ઇમામ (અ.સ.)એ તેમના પૂર્વજોની કઇ કઇ વાતો આપણને વર્ણવી છે અને ખુદ ઇમામ (અ.સ.)એ ક્યા ક્યા પ્રસંગે અને પરિસ્થિતિમાં આપણા માર્ગદર્શન માટે ઇલ્મી ખજાનાના સ્વરુપે શું - શું વર્ણવ્યું છે. અલ્લાહનો શુક્ર છે કે આપણે એવા ઇમામોની ઇમામતમાં માનીએ છીએ કે જેમના ઇલ્મી બયાનો દરેક ક્ષેત્રને સર કરવા માટે પૂરતા છે. પરંતુ તે સૂચનો જેનો સંબંધ આપણી અમલી જીંદગીથી છે અને તેને અગર આપણે આપણી રોજબરોજની જીંદગીમાં વણી લઇએ તો દુનિયા અને આખેરતની સઆદત (ખુશબખ્તી) પ્રાપ્ત કરી શકીએ છીએ. ઇલ્મી ખજાના અમલની દ્રષ્ટિએ આપણા માટે ખૂબજ મહત્ત્વના છે. ખાસ કરીને આ ગુંચવણ ભર્યા વાતાવરણમાં જ્યાં અમૂક નાદાન શીઆઓ એમ કહે છે કે ઇસ્લામ આપણા જીવનની દરેક ખાલી જગ્યાને ભરી શકતો નથી. જ્યારે કે તેઓને એ ખબર નથી કે ગદીરના ખુત્બામાં પયગમ્બર (સ.અ.વ.)એ ફરમાવ્યું હતું :

*'અય લોકો દરેક તે વસ્તુ જે તમને જન્નતની નજીક કરે છે તે મેં તમને બતાવી દીધી છે અને દરેક તે વસ્તુ જે તમને જહન્નમથી દૂર કરી દે તે પણ મેં બતાવી દીધી છે.'*

હવે જો પયગમ્બર (સ.અ.વ.)નું આ કથન જાણ્યા પછી પણ કોઇ આવી વાતો કરે તો એમ કહી શકાય કે તેણે પયગમ્બર (સ.અ.વ.)ની વાતોને જુઠલાવી છે અને પયગમ્બર (સ.અ.વ.)ની વાતોને જુઠલાવનાર મોઅમીન રહેશે નહીં. આ પ્રસ્તાવનાના વાક્યો પછી આવો આપણે ઇમામે ઝમાના (અ.સ.)એ બયાન કરેલા થોડા ફીકહી હુકમો જોઇએ. આ મસઅલાઓ ઇમામે ઝમાના (અ.સ.)એ અમૂક મહાન મરજઅ અને મોઅમીનોના સવાલોના જવાબમાં લખ્યા છે. તેમાંના એક લખાણની નોંધ મરહુમ તબરસીએ કિતાબ એહતેજાજ, ભાગ - ૨, પાના નં. ૨૯૮-૩૦૦માં કરી છે.....

૧. *'સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયે નમાઝ અંગે જે સવાલ કર્યો છે, તો તે તેવી રીતે જ છે જેવી રીતે લોકો કહે છે.*

**اِنَّ الشَّمۡسَ تَطۡلُعُ بَيۡنَ قَرۡنَيِ الشَّيۡطَانَ وَ**
**تَغۡرُبُ بَيۡنَ قَرۡنَيِ الشَّيۡطَانَ**

***સૂર્યોદય શયતાનના બે શીંગડા વચ્ચે થાય છે અને સૂર્યાસ્ત પણ શયતાનના બે શીંગડા વચ્ચે થાય છે.'***

સૂર્યોદય પહેલા સુબ્હની નમાઝનો સમય અને સૂર્યાસ્ત પછી મગરિબની નમાઝનો સમય થાય છે. પરંતુ શયતાનની સૌથી વધુ કોશિશ એ હોય છે કે તે ઇન્સાનને નમાઝ થી રોકે. જે લોકો આ સમયમાં નમાઝ અદા કરે છે તે શયતાનના શીંગડાને રગડી નાખે છે.

આથી શયતાનનું નાક રગડવા માટે નમાઝથી વધુ કોઇ સારી વસ્તુ નથી. તેથી નમાઝ પઢો અને શયતાનને હલ્કો પાડો.

૨. *'તમે આ સવાલ કર્યો છે કે જો કોઇ માણસ કોઇ વસ્તુ ઇમામના માટે વકફ કરે છે. જો વકફ કરનારને તે વસ્તુની જરુરત હોય તો શું વકફ કરનાર તે વસ્તુને પાછી લઇ શકે છે?*

***'તેનો જવાબ એ છે કે જો તે માણસે વકફ કર્યા બાદ જેને વકફ કર્યું છે તેના કબ્જામાં તે વસ્તુ નથી આપી તો તે પાછી લઇ શકે છે. પરંતુ જો તેણે જેને વકફ કર્યું છે તેના હવાલે તે વસ્તુ કરી દીધી છે તો***

તેને પાછી લેવાનો કોઇ અધિકાર રહેતો નથી. પછી ભલે તે માણસને તેની જરુરત હોય કે ન હોય, તે વસ્તુનો તે મોહતાજ હોય કે ન હોય.'

૩. તમે જે આ સવાલ કર્યો છે કે અમારો એટલે કે ઇમામનો માલ અગર કોઇના હાથમાં હોય તો તે ઇમામની પરવાનગી વગર તેનો ઉપયોગ કરી શકે છે?

'હરગિઝ નહિં, જે માણસ તેવું કરશે તે લઅનતને પાત્ર છે અને કયામતના દિવસે અમે તેના દુશ્મન હશું અને પયગમ્બર (સ.અ.વ.)એ ફરમાવ્યું :

اَلْمُسْتَحِلُّ مِنْ عِتْرَتِيْ مَا حَرَّمَ اللهُ مَلْعُوْنٌ

عَلٰى لِسَانِيْ وَ لِسَانِ كُلِّ نَبِيٍّ مُجَابٍ

'જે માણસ મારા વંશજના માલને હલાલ ગણે જ્યારે કે અલ્લાહે તેને હરામ ઠેરવેલ છે. તો તેની ઉપર મેં અને દરેક નબીએ લઅનત મોકલી છે. પછી જે કોઇ અમારા હકમાં જુલ્મ કરે તે ઝાલિમમાં ગણાશે અને અલ્લાહની લઅનત તેની ઉપર થશે. કારણકે અલ્લાહ તઆલા ફરમાવે છેઃ

اَلاَ لَعْنَةُ اللهِ عَلَى الظّٰلِمِيْنَ

''બેશક અલ્લાહની લઅનત ઝાલિમ પર છે.''

(સુરએ હુદ : ૧૮)

૪. 'તમે જે બાળકના બારામાં સવાલ કર્યો છે કે ખત્ના થઇ ગયા પછી જો ફરી વખત ઢંકાઇ જાય તો શું બીજી વખત ખત્ના કરવી જોઇએ?'

'હા, ફરી ખત્ના કરવી વાજીબ છે. બેશક ખત્ના કર્યા વગરના પેશાબથી અલ્લાહની જમીન ચાલીસ દિવસ સુધી ફરિયાદ કરે છે.'

૫. 'તમારો એ સવાલ જે તમે નમાઝ પઢનારની સામે આગ, તસ્વીર અને દિવા ના સિલસિલામાં કર્યો છે કે શું તેની નમાઝ સહીહ છે જ્યારે કે તેના સંબંધે લોકોમાં મતભેદ છે?'

'અગર આગની પૂજા કરનાર અથવા મૂર્તિની ઇબાદત કરનારનો પુત્ર ન હોય તો આગ, તસ્વીર અને દિવા ની સામે ઉભા રહીને નમાઝ પઢી શકે છે. પરંતુ જો અગ્નિ પૂજક અથવા મૂર્તિ પૂજકની ઔલાદ હોય તો નમાઝ પઢવી મકરુહ છે.'

મરહુમ તબરસી (રહ.)એ એહતેજાજ ભાગ - ૨, પાના નં. ૩૦૧ - ૩૦૨માં બીજા અમૂક મસઅલાની નોંધ કરી છે. તેની અગત્યતાને લીધે વાંચકો સમક્ષ રજુ કરીએ છીએ.

૬. 'જ. જઅફરે તય્યારની નમાઝમાં અગર કોઇ માણસ કયામ અથવા કઉદ, રુકુઅ અને સજદાની હાલતમાં તસ્બીહ ભૂલી જાય અને બીજી હાલતમાં પહોંચ્યા બાદ યાદ આવે તો તે જ હાલતમાં છૂટી ગએલી તસ્બીહ પઢી લે કે પછી તેનો ખ્યાલ ન કરે.'

'જે સ્થિતિમાં યાદ આવે ત્યારે તે પઢી લેવી જોઇએ.'

૭. 'એક મોઅમેના સ્ત્રીના પતિનું મૃત્યુ થઇ ગયું છે. શું તેણી તેના પતિના જનાઝામાં જોડાઇ શકે છે?'

'હા, તે જોડાઇ શકે છે.'

શું ઇદ્દત દરમિયાન પતિની કબ્ર ઉપર જઇ શકે કે નહિં?

'કબ્ર ઉપર જઇ શકે છે પરંતુ રાત ઘરની બહાર વિતાવી શકતી નથી.'

ઇદ્દત દરમિયાન વાજીબ હકને અદા કરવા માટે ઘરની બહાર જઇ શકે કે નહિં?

'હકને અદા કરવા માટે ઘરની બહાર જઇ શકે છે અને અગર રોજબરોજની જરુરતોને પુરી કરવા માટે કોઇ ન હોય તો જરુરતની વસ્તુઓ મેળવવા માટે ઘરની બહાર જઇ શકે છે. પરંતુ ઘરની બહાર રાત પસાર કરી શકતી નથી.'

૮. 'હદીસોમાં વાજીબ અને ગૈર વાજીબ નમાઝમાં કુરઆન પઢવાનો સવાબ વર્ણવવામાં આવેલો છે. ઇમામ કાઝીમ (અ.સ.)ને આલે મોહમ્મદ (સ.અ.વ.)ના આલીમ પણ કહેવામાં આવે છે. આપે ફરમાવ્યું :'

'આશ્ચર્ય છે તે માણસ ઉપર જે પોતાની નમાઝમાં સુરએ ઇન્ના અન્ઝલ્ના ન પઢતો હોય તો તેની નમાઝ કેવી રીતે કબુલ થશે?'

બીજી એક હદીસમાં આવ્યું છે કે :

*'તે નમાઝ ખાલિસ નથી જેમાં સુરએ તૌહીદ ન પઢવામાં આવે.'*

એક બીજી હદીસમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે :

*'જે માણસ પોતાની વાજીબ નમાઝમાં સુરએ હોમ્ઝાની તિલાવત કરશે (તો તેને) દુનિયાની બરાબરનો સવાબ આપવામાં આવશે.'*

શું આ સુરાઓને છોડીને સુરએ હોમ્ઝા પઢવો જાએઝ છે? જ્યારે કે હદીસમાં કહેવામાં આવ્યું છે કે આ સુરા વગર ન તો તેની નમાઝ કબુલ થશે, ન તો પાક અને ખાલિસ હશે.

*'આ સુરાઓને પઢવાનો સવાબ એ જ છે જે હદીસમાં બયાન કરવામાં આવ્યો છે. જો આ સુરાઓને છોડી જેમાં તે સવાબનો નિર્દેશ થયો છે, કુલ્હોવલ્લાહ અને ઇન્ના અન્ઝલ્ના તેની ફઝીલતના કારણે પઢી લે તો તે સુરાઓને પઢવાનો સવાબ પણ આપવામાં આવશે અને તે સુરાનો સવાબ પણ મળશે જે છોડી દીધો છે. નહિં તો તે બંને સુરાઓને છોડીને ત્રીજો સુરો પઢવો પણ જાએઝ છે અને તેની નમાઝ સંપૂર્ણ ગણાશે પરંતુ તેણે આ ફઝીલતને છોડી દીધી ગણાશે.'*

૯. *'માહે રમઝાનમાં વિદાઅની દોઆઓ ક્યારે પઢવી જોઇએ? અમારા ફકીહો વચ્ચે મતભેદ છે. અમૂક કહે છે કે રમઝાનની છેલ્લી રાતમાં પઢવી જોઇએ અને અમૂક કહે છે કે રમઝાનના છેલ્લા દિવસમાં જ્યારે શવ્વાલનો ચાંદ દેખાય ત્યારે પઢવી જોઇએ.'*

*'રમઝાનુલ મુબારકની રાતોમાં અમલ કરવો જોઇએ અને અલ વિદાઅની દોઆને છેલ્લી રાત્રે પઢવી જોઇએ. અગર પઢનારને એવો ભય હોય કે કોઇ સ્થળેથી ચાંદ જલ્દી નીકળી જવાના કારણે દોઆ પઢવાનું છુટી જશે તો વિદાઅની દોઆઓને રમઝાનુલ મુબારકની છેલ્લી બંને રાત્રિઓમાં પઢવી જોઇએ.'*

૧૦. *'કુરબાની માટે એક વ્યક્તિએ એક બીજા શખ્સને એક જાનવર ખરીદીને આપ્યું અને તે બીજા શખ્સને કહ્યું કે આ મારી તરફથી મીનામાં કુરબાની કરી દેજે. તે શખ્સ કુરબાની કરતી વખતે જાનવર આપનાર માણસનું નામ ભૂલી જાય છે અને જાનવરની કુરબાની કરી નાખે છે. પછી તેને તે વ્યક્તિનું નામ યાદ આવે છે. શું આ કુરબાની તે માણસની તરફથી પૂરતી છે કે નહિં?'*

*'તેમાં કોઇ વાંધો નથી અને આ કુરબાની તે માણસ માટે પૂરતી છે.'*

૧૧. *'એક દરજી મોઅમીન નથી, મુર્દાર ખાય છે, જનાબતનું ગુસ્લ કરતો નથી અને અમારા કપડાં સિવે છે. શું તે કપડાંને ધોવા પહેલાં તેને પહેરીને નમાઝ પઢી શકાય છે?'*

*'તે કપડાં પહેરીને નમાઝ પઢવામાં કોઇ વાંધો નથી.'*

૧૨. *'હઝરત ઝહરા (સ.અ.)ની તસ્બીહ પઢતી વખતે ૩૪ વખત તકબીર 'અલ્લાહો અકબર' પઢવાના બદલે ભૂલથી તેથી વધુ વાર તકબીર પઢી. શું ફરી ૩૪ વખત પઢવી કે તેને ૩૪ વાર પઢી છે તેમ ગણવામાં આવશે. જો તસ્બીહ ૬૬ના બદલે એક વખત વધુ પઢ્યા, તો તે સહીહ ગણાશે કે તે તસ્બીહ ફરી વખત પઢવી પડશે?'*

*'જો તકબીર ભૂલથી ૩૪ વારથી વધુ પઢી હોય તો તેને ૩૩ વાર ગણે અને એક વખત વધુ તકબીર કહે અને જો તસ્બીહ ૬૬થી વધુ વખત પઢી છે તો તેને ૬૬ ગણે અને જો એક્સોથી વધી જાય તો કશું વધારે કરવાનો કોઇ અવકાશ નથી અને તેના ઉપર કંઇપણ વાજીબ થશે નહિં.'*

ફક્ત બાર મસઅલા ઉપર સંતોષ કરીએ છીએ. આમ તો ઇ. ઝમાના (અ.સ.)થી ઘણા બધા મસઅલાઓની નોંધ થઇ છે. ટૂંકાણના કારણે તે રજુ કરવા અશક્ત છીએ. અંતમાં દોઆ કરીએ કે અલ્લાહ ઇ. ઝમાના (અ.સ.)ના પુરનૂર ઝુહુરમાં જલ્દી કરે. આપણી સૌની ગણતરી ઇમામ (અ.સ.)ના સાચા ચાહનારાઓમાં કરે અને હઝરત (અ.સ.)ના ઇલ્મથી વધુને વધુ લાભ મેળવવાની તૌફીક આપે.

આમીન.....

* * * * *

# કુરઆનની તફસીરોમાં ઈમામ મહદી (અજ.)ના લકબો

કુરઆને મજીદ આપણા નબીએ કરીમ હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ના મોઅજીઝાઓમાંનો એક મોઅજીઝો છે. આ કિતાબ અલ્લાહના કલામ છે, જેના શબ્દો વખતો વખત આં હઝરત (સ.અ.વ.)ના પવિત્ર મુખેથી નીકળ્યા છે. અગર કુરઆનમાં આ હોત...... કુરઆનમાં તે હોત.........નો અવકાશ દુનિયાના સર્જનહારના કલામમાં જરાપણ નથી. તેનું કારણ એ છે કે સર્જનહારે કુરઆનને બધા ઇલ્મોનો સંગ્રહ બનાવ્યો છે. દુનિયાના સર્જનહારે પોતાના વક્તૃત્વભર્યા કલામમાં તે બધી માહિતીઓને ભરી દીધી છે જેની જરુરત માનવીને હોય છે અથવા હોય શકે છે. આ ઉપરાંત બધા મુસલમાનો એ વાત ઉપર એકમત છે કે જે અકીદો કુરઆનમાં છે તે ઈસ્લામી અકીદો છે અને તે જ સાચો દીન છે. એ બાબત સ્પષ્ટ છે કે પોતાના અમૂક પાનાઓમાં બધુ ઇલ્મ આવરી લેતી કિતાબ સહેલી ન હોય. તેના અર્થો દરેક વ્યક્તિની સમજમાં આવી શકે નહિં. તેથી જેવી રીતે દરેક પુસ્તક શીખવા અને સમજવા માટે એક શિક્ષકની જરુર હોય છે તેવી જ રીતે કુરઆનની તાલીમ, તેની સમજૂતી અને અર્થઘટન કરવા માટે મોઅલ્લીમ અને તફસીરકારની જરુર છે. જેનો બંદોબસ્ત પણ હક તઆલાએ કર્યો છે. કુરઆનના ઇલ્મોની સ્પષ્ટતા માટે અલ્લાહે ઇલ્મ અને હિકમત ધરાવતી શખ્સીયતોની નિમણુંક કરી અને આ જ હઝરાત અલ્લાહના ઇલ્મોના ખજાનાની ચાવીઓ છે. خَازِنُ كُلِّ عِلْمٍ وَ فَاتِقُ كُلِّ رَتْقٍ એટલે કે આ શખ્સીયતો દરેક ઇલ્મના ખજાના છે અને દરેક બંધન (એટલે કે ઇલ્મી ગુંચવણો)ને ઉકેલનાર છે. તેથી જરુરી છે કે કુરઆનના અર્થોને સમજવા માટે અને તેની તફસીર અને તાવીલ જાણવા માટે એ પાક અને પવિત્ર હસ્તીઓના દરવાજા ઉપર માથું ટેકવી દેવું જોઇએ. જેથી તેઓ આપણને કુરઆને કરીમના સાચા ઇલ્મથી માહિતગાર કરે. અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ કુરઆનમાં ક્યારેક رَاسِخُوْنَ فِي الْعِلْمِ તો ક્યારેક اَهْلِ ذِكْر અને ક્યારેક ઇમામે મોબીન કહીને તે બુઝુર્ગોની ઓળખાણ આપી છે. તેથી કુરઆનની તફસીર અને તાવીલ માત્ર આ હઝરતો થકી જ શક્ય છે.

આથી આપણે આ ચર્ચામાં માત્ર ઇમામો (અ.સ.)ના કથનોથી જ લાભ લેશું. કારણકે એહલેબૈત (અ.સ.)ની તફસીર જ કુરઆને કરીમનું સાચું અર્થઘટન છે. ખરેખર જોવા જોઈએ તો સંપૂર્ણ કુરઆન જ એહલેબૈત (અ.સ.)ના વખાણ અને તેમની પ્રસંશા છે. પરંતુ અમે આ લેખમાં તે આયતો રજુ કરીશું કે જેમાં સ્પષ્ટ રીતે એ પ્રતિભાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે કુરઆનના હુકમો અને કાયદાઓને સ્થાપશે અને તેની આયતો શું સૂચવે છે તે સ્પષ્ટ કરશે. કુરઆનના આ વારસદારને અલ્લાહે ઘણા બધા લકબોથી યાદ કર્યા છે. જેમાંના થોડા અહિં ટૂંકાણમાં રજુ કરવામાં આવ્યા છે.

## (૧) اَلصِّرَاطُ السَّوِٰى સીધો રસ્તો

قُلْ كُلٌّ مُّتَرَبِّصٌ فَتَرَبَّصُوْا، فَسَتَعْلَمُوْنَ مَنْ اَصْحٰبُ الصِّرَاطِ السَّوِيِّ وَمَنِ اهْتَدٰى۔

*"(હે રસુલ!) તું કહે કે દરેક જણ (પોતાના કાર્યના પરિણામની) વાટ જોઇ રહ્યો છે માટે તમે પણ વાટ જુઓ; પછી નજીકમાં તમે જાણી લેશો કે સીધા માર્ગવાળા અને હિદાયત પામેલા કોણ છે."*

(સુરએ તાહા : ૧૩૫)

**તફસીર :**

હઝરત ઇમામ મુસા કાઝિમ (અ.સ.) આ આયતની તફસીરમાં ફરમાવે છે :

*'અસ્સેરાતુસ સવા (સીધા રસ્તા)થી મુરાદ (હઝરત) કાએમ (અ.સ.) છે અને હિદાયતથી મુરાદ તેમની તાબેદારી તરફ હિદાયત છે. તેનું ઉદાહરણ અલ્લાહની કિતાબમાં આ રીતે મળે છે.'*

وَ اِنِّيْ لَغَفَّارٌ لِمَنْ تَابَ وَ اٰمَنَ وَ عَمِلَ صَالِحًا ثُمَّ اهْتَدٰى

*"અને જે તૌબા કરે તથા ઈમાન લાવે તથા સત્કાર્યો કરે; પછી સન્માર્ગે ચાલે તો તેના માટે નિસંશય હું મોટો ક્ષમાવાન છું."*

(સુરએ તાહા : ૮૨)

પછી આપ (અ.સ.)એ ફરમાવ્યું :

*'હિદાયત મેળવે છે અમારી તાબેદારી તરફ.'*

(અલ બુરહાન, ભાગ - ૩, પાના નં. ૫૦, અલ મોહજ્જહ, પાના નં. ૧૩૭, ગાયતુલ મરામ, પાના નં. ૪૫૫)

આ આયતની તફસીરમાં ઈમામ કાઝીમ (અ.સ.)એ ઈમામે ઝમાના (અ.સ.)ને હિદાયતનો સીધો માર્ગ સૂચિત કર્યા છે અને તેમની તાબેદારી તરફ અલ્લાહ લોકોને હિદાયત કરે છે. તેનું કારણ એ છે કે ઈમામે ઝમાના (અ.સ.) આ જમીન ઉપર અલ્લાહની હુજ્જત છે અને તેમની તાબેદારી અને મઅરેફત જ અલ્લાહની તાબેદારી અને મઅરેફત છે. મઅસુમ ઈમામોની હદીસોમાં આ વાક્ય જોવા મળે છે.

بِنَا عُبِدَ اللّٰهُ وَ بِنَا عُرِفَ اللّٰهُ

*'અમારા થકી જ અલ્લાહની ઈબાદત થાય છે અને અમારા થકીજ અલ્લાહને ઓળખવામાં આવે છે.'*

ઝીયારતે જામેઆમાં આપણે પઢીએ છીએ :

وَ مَنْ قَصَدَهٗ تَوَجَّهَ بِكُمْ

*'જે ખુદાની તરફ જવા ઈચ્છે છે તે આપની તરફ વળે છે.'*

તેથી આ બાબત સ્પષ્ટ થાય છે કે જો અલ્લાહની મઅરેફત પ્રાપ્ત કરવી હોય તો તેમની મઅરેફત પ્રાપ્ત કરવામાં આવે અને જો અલ્લાહ તરફ વળવું હોય તો તેમના તરફ વળવું જોઈએ. અલ્લાહના અવ્લીયાની એ ખાસીયત રહી છે કે તેઓ હંમેશા પોતાના ઝમાનાના ઈમામની તરફ રજુ થતા હતા. પછી ચાહે તે જનાબે સલમાને ફારસી હોય, જનાબે અબુઝર હોય, જનાબે હબીબ ઈબ્ને મઝાહિર હોય કે પછી જનાબે અલી બીન યકતીન હોય. આ બધા ઈમામની વિલાયત ધરાવનારાઓ પોતાના ઝમાનાના વજહુલ્લાહની તરફ દરેક સમયે રજુ થતા હતા. દોઆએ નુદબામાં આ જ કારણથી પોકાર કરનાર આ ઝમાનાના વજહુલ્લાહને આ વાક્યોથી પોકારે છે.

اَيْنَ وَجْهُ اللّٰهِ الَّذِيْ يَتَوَجَّهُ الْاَوْلِيَآءُ

*'ક્યાં છે અલ્લાહનો તે ચહેરો જેની તરફ ખુદાના વલીઓ વળે છે.'*

દોઆએ નુદબામાં જ મઅસુમોના માટે આ વાક્ય આવેલું છે.

فَكَانُوْا هُمُ السَّبِيْلُ اِلَيْكَ وَ الْمَسْلَكَ اِلٰى رِضْوَانِكَ.

*'તે (ઈમામો) તારી તરફ દોરી જનારા માર્ગો છે, તારી ખુશી પ્રાપ્ત કરવાના માધ્યમો છે.'*

આ ઝમાનામાં તે માર્ગ ઈમામે ઝમાના (અ.સ.) છે. આ કારણથી જ કુરઆનમાં આપના માટે 'અસ્હાબે સેરાતુસ્સવા'ના લકબનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## (૨) نُوْرُ اللّٰهِ અલ્લાહનું નૂર

يُرِيْدُوْنَ لِيُطْفِئُوْا نُوْرَ اللّٰهِ بِاَفْوَاهِهِمْ وَاللّٰهُ مُتِمُّ نُوْرِهٖ وَلَوْ كَرِهَ الْكٰفِرُوْنَ. هُوَ الَّذِىْ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ لِيُظْهِرَهٗ عَلَى الدِّيْنِ كُلِّهٖ وَ لَوْ كَرِهَ الْمُشْرِكُوْنَ.

*"તેઓ તો આ ચાહે છે કે અલ્લાહના નૂરને પોતાના મોઢેથી (ફૂંકો મારી) હોલવી નાખે; પણ અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ કરી રહેનાર છે, પછી ભલેને નાસ્તિકોને અણગમતું કેમ ન લાગે.તે એજ છે જેણે તેના રસુલ(સ.અ.વ.)ને હિદાયત અને દીનેહકની સાથે મોકલ્યા. જેથી તે તેને તમામ ધર્મો ઉપર સર્વોપરી કરી દે. પછી ભલેને મુશ્રીકોને તે ન ગમે."*

(સુરએ સફ : ૮ - ૯)

### તફસીર :

ઈમામ મુસા કાઝિમ (અ.સ.) આ આયતની તફસીર મોહમ્મદ બીન ફુઝૈલને આ રીતે વર્ણવે છે :

*'તે લોકો ફૂંક મારીને અમીરુલ મોઅમેનીન (અ.સ.)ની વિલાયતને બુજાવી નાખવા માગે છે.'*

ફુઝૈલે પુછયું : 'જો કે અલ્લાહ પોતાના નૂરને પરીપૂર્ણ કરશે તેનો અર્થ શું છે?'

હઝરત (અ.સ.)એ ફરમાવ્યું :

*'અલ્લાહ ઈમામતના (નૂરને) સંપૂર્ણ કરશે. જેમકે તેનું ફરમાન છે કે જે લોકો અલ્લાહ ઉપર તેના રસુલ ઉપર અને તે નૂર ઉપર ઈમાન લાવ્યા જે અમે ઉતાર્યું છે, અહિં નૂરથી મુરાદ ઈમામ છે.'*

ફુઝૈલે ફરી પુછયું : 'તે એ જ છે કે જેણે પોતાના રસુલને હિદાયત અને સાચા દીનની સાથે મોકલ્યા.'' તેનો અર્થ શું છે?'

હઝરત (અ.સ.)એ ફરમાવ્યું :

*'તેનાથી મુરાદ એ જ છે કે જેણે પોતાના રસુલને તેના વસીની વિસાયત માટે હુકમ આપ્યો, એજ દીને હક છે.'*

ફુઝૈલે ફરી સવાલ કર્યો : 'જેથી તેને બધા ધર્મો ઉપર સર્વોપરિ કરી દે.'

તેનો શું અર્થ છે? ફરમાવ્યું :

*'જેથી કાએમ (અ.સ.)ના કયામ દ્વારા તેને બધા ધર્મો ઉપર સર્વોપરિ બનાવે.' પછી આપે ખુદ ફરમાવ્યું : 'અને અલ્લાહ ફરમાવે છે, જો કે અલ્લાહ પોતાના નૂરને પરિપૂર્ણ કરશે. આ નૂર વિલાયતે કાએમ છે. પછી ભલે કાફિરોને અલી (અ.સ.)ની વિલાયત ખરાબ કેમ ન લાગતી હોય.'*

(અલ - કાફી, ભાગ - ૧, પાના નં. ૪૩૨)

આ આયતના વધુ ખુલાસા માટે ઈમામ સાદિક (અ.સ.)ના આ વાક્યો પૂરતા છે.

*'અલ્લાહની કસમ! આ આયતની તાવીલ (અર્થઘટન) હજી સુધી થઇ નથી અને જ્યાં સુધી કાએમ (અ.સ.) જાહેર નહિં થાય ત્યાં સુધી થશે પણ નહિં. તેથી તેઓ જ્યારે જાહેર થશે ત્યારે કાફિરોનું અસ્તિત્વ નહિં રહે અને ન કોઇ ઈમામતમાં શિર્ક કરનાર હશે. પરંતુ આપનું જાહેર થવું તેઓને ગમશે નહિં.'*

(કમાલુદ્દીન, ભાગ - ૨, પાન નં. ૬૭૦)

સામાન્ય રીતે બધા ઈમામો (અ.સ.) અલ્લાહના નૂર છે. પરંતુ કુરઆનમાં ઈમામ મહદી (અ.સ.) માટે આ લકબનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કદાચ એટલા માટે કે જ્યારે તેમનો ઝુહુર થશે અને તેઓ (અ.સ.) કયામ કરશે ત્યારે અલ્લાહ આપના થકી આ દુનિયાને પ્રકાશિત કરશે. જમીન ઉપર માત્ર ઈસ્લામની બોલબાલા હશે. આ રીતે જમીન અંધકારોથી પાક થઇને પ્રકાશિત થઇ જશે.

તે સમયની પરિસ્થિતિ અલ્લાહે આ રીતે બયાન ફરમાવી છે :

**وَ اَشْرَقَتِ الْاَرْضُ بِنُوْرِ رَبِّهَا وَ وُضِعَ الْكِتَابُ وَجِیْءَ بِالنَّبِيِّيْنَ وَ الشُّهَدَاءِ وَ قُضِیَ بَيْنَهُمْ بِالْحَقِّ وَ هُمْ لاَ يُظْلَمُوْنَ۔**

*''અને જમીન તેના માલિકના નૂરથી પ્રકાશિત થઇ જશે, અને કરણીના લેખ (લોકોની) સામે ધરવામાં આવશે, અને નબીઓ તથા સાક્ષીઓ લાવવામાં આવશે, અને તેમની વચ્ચે યોગ્ય ફેંસલો કરવામાં આવશે અને તેમના ઉપર મુદ્દલ જુલ્મ કરવામાં નહિં આવે.''*

(સુરએ ઝુમર : ૬૯)

ઈમામ સાદિક (અ.સ.) આ આયતની તફસીર આ રીતે બયાન કરે છે .

**رَبُّ الْاَرْضِ يَعْنِيْ اِمَامُ الْاَرْضِ، فَقُلْتُ: فَاِذَا خَرَجَ يَكُوْنُ مَا ذَا؟ قَالَ: اِذًا يَسْتَغْنِيُ النَّاسُ عَنْ ضَوْءِ الشَّمْسِ وَ نُوْرِ الْقَمَرِ وَ يَجْتَزُوْنَ بِنُوْرِ الْاِمَامِ۔**

*'જમીનના પાલનહાર એટલે જમીનના ઈમામ. રાવીએ સવાલ કર્યો. જ્યારે તે ઈમામ જાહેર થશે ત્યારે શું થશે? ફરમાવ્યું : (જ્યારે તેઓ જાહેર થશે) ત્યારે લોકો સૂર્યના પ્રકાશ અને ચંદ્રના નૂરથી બેનિયાઝ થઇ જશે. (કારણકે) આ સૂર્ય અને ચંદ્ર ઈમામના નૂરનો એક નાનકડો ભાગ છે.'*

(અસ્સાફી, ભાગ - ૪, પાના નં. ૩૩૧, અલ મોહજ્જહ, પાના નં. ૧૮૪, નુરૂસ સકલૈન, ભાગ - ૪, પાના નં. ૫૦૩)

**اَللّٰهُمَّ نَوِّرْ بِنُوْرِهٖ كُلَّ ظُلْمَةٍ**

*'અય અલ્લાહ! તેમના નૂર વડે દરેક અંધારાને પ્રકાશિત કરી દે.'*

(સલવાત અબુ ઝુર્રાબે ઈસ્ફહાની, સહીફએ મહદવીય્યહ)

## (૩) اَلۡمَآءُ الۡمَعِيۡن વહેતા પાણીનું ઝરણું

قُلۡ اَرَءَيۡتُمۡ اِنۡ اَصۡبَحَ مَآؤُكُمۡ غَوۡرًا فَمَنۡ يَّاۡتِيۡكُمۡ بِمَآءٍ مَّعِيۡنٍ۔

*"તું કહે કે ભલા તમે જુઓ અગર તમારું પાણી ઉંડાણમાં ચાલ્યું જાય તો તમારા માટે વહેતુ પાણી કોણ લઈ આવશે?"*

(સુરએ મુલ્ક : ૩૦)

### તફસીર :

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે :

*'અય અમ્માર! ખરેખર બુઝુર્ગ અને મહાન અલ્લાહે મારી સાથે વાયદો કર્યો છે કે તે હુસૈન (અ.સ.)ના વંશમાંથી નવ ઈમામોને જાહેર કરશે. તેમાંના નવમાં ગયબતમાં ચાલ્યા જશે. અલ્લાહે ઉપરોક્ત આયત એ જ અર્થમાં લીધી છે.*

*તેમની એક લાંબી ગયબત હશે. તે સમયમાં એક વર્ગ (ઈમાનથી) ફરી જશે અને બીજો વર્ગ તેમના ઉપર અડગ રહેશે અને જ્યારે ઝમાનાનો છેલ્લો તબક્કો હશે ત્યારે તે જાહેર થશે અને દુનિયાને ન્યાય અને ઈન્સાફથી ભરી દેશે. તે કુરઆનની તાવીલ ઉપર લડશે જેવી રીતે મેં જંગ કરી તેની તન્ઝીલ ઉપર. તેનું નામ મારું નામ હશે અને લોકોમાં તેનો દેખાવ સૌથી વધુ મારા જેવો હશે. અય અમ્માર! મારા પછી બહુ જલ્દી ફીત્નો થશે અને જ્યારે એવું બને ત્યારે તમે અલી (અ.સ.) અને તેમના સમૂહનું અનુસરણ કરજો.'*

(કિફાયતુલ અસ્ર, પાના નં. ૧૨૦, અલ બુરહાન, ભાગ – ૪, પાના નં. ૩૬૬, અલ મોહજ્જહ, પાના નં. ૨૨૮, અલ અવાલીમ, ભાગ – ૧૫, પાના નં. ૧૧૫)

એક બીજી હદીસમાં ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.) ફરમાવે છે :

આ આયત કાએમ (અ.સ.)ના બારામાં નાઝિલ થઈ છે. આપે વધુમાં કહ્યું :

*'અગર તમે જૂઓ કે તમારા ઈમામ ગાએબ છે અને તમે જાણી ન શકો કે તે ક્યાં છે. તો તમે ક્યાંથી જાહેર ઈમામને જોશો જે તમને જમીન અને આસમાનની ખબરો સંભળાવે અને અલ્લાહના હલાલ અને હરામની જાણકારી આપે. અલ્લાહની કસમ! આ આયતની તાવીલ હજુ થઈ નથી. તેની તાવીલ આ સમયે શક્ય પણ નથી.'*

(કમાલુદ્દીન, પાના નં. ૩૩૫, અસ્સાફી, ભાગ – ૫, પાના નં. ૨૦૬, ઈસ્બાતુલ હોદાહ, ભાગ – ૩, પાના નં. ૪૯૭)

પાણી એક એવી ચીજ છે જેની જરુરત દરેક વ્યક્તિને પડે છે. દુનિયાનો ૨/૩ કરતા વધારે ભાગ પાણી છે. આ કારણે જ દુનિયામાં જીવન બાકી છે. વૈજ્ઞાનિકો જ્યારે બીજા ગ્રહો ઉપર જીવન શોધે છે ત્યારે ખરેખર તો તેઓ ત્યાં પાણીની શોધ કરવા ચાહે છે. જો કોઈ ઉપગ્રહ ઉપર પાણી હશે તો ત્યાં જીવનનું અસ્તિત્વ હશે. તેનું કારણ એ છે કે પાણી જીવનની નિશાની છે. તેવી જ રીતે જો ક્યાંયથી પાણી અદ્રશ્ય થઈ જાય તો ત્યાંથી જીવનનો નાશ થઈ જાય છે અને તે જગ્યા ઉજ્જડ બની જાય છે.

તેની સાથોસાથ જેવી રીતે સળગતા દિલને પાણી જેટલી ઠંડક પહોંચાડી શકે છે તેવી ઠંડક દુનિયાની બીજી કોઈ પણ વસ્તુ પહોંચાડી શકતી નથી. બસ આજ રીતે જ્યારે દીન જુલ્મ અને અત્યાચારના પરિતાપથી સળગીને નાશ પામવાની અણી ઉપર હશે ત્યારે અલ્લાહ તે અદ્રશ્ય ઝરણાને જાહેર કરશે અને મૃતઃપ્રાય દુનિયાને આ ઝરણા થકી ફરી જીવંત કરી દેશે. આ ઝરણું હઝરત વલી એ અસ્ર અરવાહોના ફીદાની પવિત્ર હસ્તી છે.

## (૪) بَقِيَّتُ اللهِ فِيۡ اَرۡضِه દુનિયામાં અલ્લાહની બાકી રહેનારી હુજ્જત

بَقِيَّتُ اللهِ خَيۡرٌ لَّكُمۡ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِيۡنَ

*"જો તમો ઈમાન લાવનારા હોવ તો તમારા માટે અલ્લાહની બાકી રહેલ (હુજ્જત) શ્રેષ્ઠ છે."*

(સુરએ હુદ : ૮૬)

એક જબરદસ્ત સુન્ની આલીમ, ઈબ્ને સબ્બાગે માલેકી, ફોસુલુલ મોહિમ્માહમાં એક લાંબી હદીસ છેલ્લા ઝમાનાના

ઇમામના ઝુહુરની નિશાનીઓ વિષે ઇમામ સાદિક (અ.સ.)થી નોંધ કરે છે અને તેના અંતમાં લખે છે કે :

*"...તે સમયે આપણા કાએમ (અ.સ.) ઝુહુર કરશે અને ખાનએ કાબાની દિવાલનો ટેકો લઇને ઉભા રહેશે. ખાલિસ મોઅમીનોમાંથી ફક્ત ૩૧૩ મોઅમીનો તેમની પાસે ભેગા થશે ત્યારે સૌથી પહેલા તેઓ ઉપરોક્ત આયતની તિલવાત કરશે અને ફરમાવશે :*

*'હું બકીયતુલ્લાહ છું, આ દુનિયા ઉપર તેનો ખલીફા છું અને તમારા લોકો ઉપર હું તેની હુજ્જત છું.'*

*તે સમયે લોકો તેમને 'યા બકીયતુલ્લાહ' કહીને સંબોધન કરશે."*

(અલ ફોસુલુલ મોહિમ્માહ, પાના નં. ૩૦૨, કશ્ફુલ ગુમ્માહ, ભાગ - ૩,પાના નં. ૩૨૪, અઅલામુલ વરા, પેજ નં. ૪૩૩, નુરૂસ સકલૈન ભાગ - ૨, પાના નં. ૨૧૨, અસ્સાફી, ભાગ - ૨, પાના નં. ૪૬૮)

હઝરત ઇમામ સાદિક (અ.સ.)થી એક હદીસ મળે છે

لَوْلاَ الْحُجَّةُ لَسَاخَتِ الْاَرْضُ بِاَهْلِهَا

*'અગર દુનિયાના પટ ઉપર (અલ્લાહની) હુજ્જત ન હોત તો દુનિયાનો તેના રહીશો સાથે ધ્વંસ થઇ જાત.'*

બીજી હદીસોથી પણ આજ વાત સ્પષ્ટ થાય છે કે દુનિયાનું અસ્તિત્વ છે તો ફક્ત ખુદાની હુજ્જતના લીધે. અર્થાત આલે મોહમ્મદ (સ.અ.વ.)માંથી એક વ્યક્તિ એવી હશે જે દુનિયામાં અલ્લાહની હુજ્જત હશે. હિજરી સન ૨૬૦માં જ્યારે ઇમામ હસન અસ્કરી (અ.સ.)ની શહાદત થઇ ત્યારથી લઇને આજ સુધી આ વિશ્વ ટકી રહ્યું છે અને તેના રહીશો મૌજુદ છે, તે એ વાતની દલીલ છે કે આલે મોહમ્મદ (સ.અ.વ.)માંથી એક વ્યક્તિ છે જેના અસ્તિત્વના પ્રતાપે આજે પણ આ બધું ટકી રહ્યું છે. નહિં તો આ દુનિયા ક્યારની અવકાશમાં વિખેરાઇ ગઇ હોત. આ બરકતવાળા અસ્તિત્વને આંખો હંમેશા શોધ્યા કરે છે.

اَيْنَ بَقِيَّتُ اللهِ الَّتِيْ لاَ تَخْلُوْا مِنَ الْعِتْرَةِ الْهَادِيَةِ۔

*'ક્યાં છે એ બકીયતુલ્લાહ? જે હાદીઓના વંશમાંથી છે, જેમના વગર જમીન ક્યારેય ખાલી નથી રહેતી.'* (દોઆએ નુદબા)

## (૫) وَلِىُّ الْمَظْلُوْمِ મઝલુમના વલી

وَ لاَ تَقْتُلُوْا النَّفْسَ الَّتِيْ حَرَّمَ اللهُ اِلاَّ بِالْحَقِّ وَ مَنْ قُتِلَ مَظْلُوْمًا فَقَدْ جَعَلْنَا لِوَلِيِّهٖ سُلْطَانًا فَلاَ يُسْرِفْ فِي الْقَتْلِ اِنَّهٗ كَانَ مَنْصُوْرًا۔

*"અને જે કોઇ જીવ - કે જેનું મારી નાખવું અલ્લાહે હરામ કર્યું છે, તેને અન્યાયી રીતે મારી ન નાખો સિવાય કે ન્યાયી રીતે; અને જે કોઇ નિર્દોષ (હોવા છતાં) માર્યો જશે તો અમે તેના વારસને અવશ્ય સત્તા આપીશું, પણ તે ખૂન (નો બદલો લેવા)માં હદ બહાર જાય નહિં; (કેમ કે) નિસંશય તેની સહાય કરવામાં આવી છે."*

(સુરએ બની ઇસ્રાઇલ : ૩૩)

**તફસીર :**

હઝરત ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ફરમાવે છે:

*'તે હુસૈન ઇબ્ને અલી (અ.સ.) છે જે મઝલુમ કત્લ કરી નાખવામાં આવ્યા. અમે તેમના વારસદારો છીએ અને કાએમ અમારામાંથી છે જ્યારે તે કયામ કરશે ત્યારે (ઇમામ) હુસૈન (અ.સ.)ના ખૂનનો બદલો લેશે..... (આ આયતમાં) 'અલ મકતુલ'થી મુરાદ ઇમામ હુસૈન (અ.સ.) છે અને તેમના વલી કાએમ છે અને કત્લમાં 'ઇસ્રાફ'થી મુરાદ તેને કત્લ કરવામાં આવે જે આપના કત્લમાં સાથે ન હતો. 'ખરેખર તેમની મદદ કરવામાં આવશે.' અર્થાંત : આ દુનિયા તે સમય સુધી નાશ નહિં પામે જ્યાં સુધી મોહમ્મદ (સ.અ.વ.)ના વંશમાં એક વ્યક્તિની મદદદ કરવામાં ન આવે. જેથી તે દુનિયાને ન્યાય અને ઇન્સાફથી એવી રીતે ભરી દે જેવી રીતે તે જુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.'*

(અલ અયાશ, ભાગ - ૨, પાના નં. ૨૯૦, અલ મોહજ્જહ પાના નં. ૧૨૮, અલ બુરહાન, ભાગ - ૨, પાના નં. ૪૧૯, નુરૂસ સકલૈન, ભાગ - ૩, પાના નં. ૧૬૩)

ઇન્સાનિય્યતની ઇતિહાસના પાનાઓ મઝલુમોની દાસ્તાનોથી ભરપૂર છે. પરંતુ મઝલુમીય્યતની પરાકાષ્ઠાનું બીજું નામ કરબલા છે. ખુદાવંદે મોતઆલ ન જુલ્મ કરે છે ન તો જુલ્મને પસંદ કરે છે. બલ્કે તે દરેક થનાર જુલ્મોનો બદલો લેશે.

**سَيَعْلَمُ الَّذِيْنَ ظَلَمُوْا اَىَّ مُنْقَلَبٍ يَّنْقَلِبُوْنَ**

*''અને નજીક (ના સમય)માંજ તે લોકો કે જેમણે જુલ્મ કર્યો છે જાણી લેશે કે તેઓ કઇ છેવટની જગ્યાએ પાછા ફરશે.''*

(સુરએ શોઅરા : ૨૨૭)

ખરેખર સય્યદુશ્શોહદાના કત્લનો બદલો લેવા માટે મોઅમીનો વ્યાકુળ છે અને હુસૈન (અ.સ.)ના વારસદારના ઝુહુરનો ઇન્તેઝાર કરી રહ્યા છે કે જ્યારે તેઓ ઝુહુર ફરમાવશે ત્યારે આપની સાથે મળીને નિર્દોષના ખૂનનો બદલો લેવામાં આવે. દોઆએ નુદબામાં આપણે હુસૈન (અ.સ.)ના વારસદારને આ રીતે પોકારીએ છીએ.

**اَيْنَ الطَّالِبُ بِدَمِ الْمَقْتُوْلِ بِكَرْبَلاَءِ**

*'ક્યાં છે કરબલાના શહીદોના ખૂનનો બદલો લેનાર?'*

## (૯) اَلْمُضْطَرُّ الْمُجَاب સંકટમાં સપડાએલા જેની દોઆ કબુલ થાય છે

**اَمَّنْ يُّجِيْبُ الْمُضْطَرَّ اِذَا دَعَاهُ وَيَكْشِفُ السُّوْءَ وَ يَجْعَلُكُمْ خُلَفَاۤءَ الْاَرْضِ، ءَ اِلٰهٌ مَّعَ اللّٰهِ، قَلِيْلاً مَّا تَذَكَّرُوْنَ۔**

*''ભલા તે કોણ છે કે જે વ્યાકુળ થયેલા (હૃદયો) જ્યારે તેને પોકારે છે ત્યારે જવાબ આપે છે અને (તેનાં) સંકટોનું નિવારણ કરે છે, અને તેમને પૃથ્વીમાં (આગલા લોકોના) વારસ બનાવે છે; ભલા અલ્લાહની સાથે બીજો પણ કોઇ માઅબૂદ છે? (હરગીઝ નહિં) છતાં તમે બહુ જ ઓછી નસીહત અને બોધપાઠ લ્યો છો.''*

(સુરએ નમલ : ૬૨)

**તફસીર :**

હઝરત ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે :

*'આ આયત કાએમે આલે મોહમ્મદ (અ.સ.)ના બારામાં ઉતરી છે. અલ્લાહની કસમ! એ જ પરેશાન છે જે મકામે ઇબ્રાહીમની નજીક બે રકાત નમાઝ અદા કરશે અને અલ્લાહ પાસે દોઆ કરશે ત્યારે અલ્લાહ તેમની દોઆ કબુલ કરશે અને તેમની મુસીબતને દૂર કરીને તેમને જમીન ઉપર ખલીફા બનાવશે.'*

(અસ્સાફી, ભાગ - ૪, પાના નં. ૭૧, ઇસબાતુલ હોદા, ભાગ - ૩, પાના નં. ૫૫૩, અલ બુરહાન, ભાગ - ૩, પાના નં. ૨૦૮, નુરૂસ સકલૈન, ભાગ - ૪, પાના નં. ૯૪)

આમ તો અલ્લાહ દરેક દુઃખી અને પરેશાન દિલના અવાજને સાંભળે છે અને તેની ફરિયાદ દૂર કરે છે. પરંતુ અમૂક દુઃખી અવાજો એવા છે જેને ક્યારેય પણ નકારતો નથી. ઇમામે ઝમાના (અ.સ.)એ મઝલુમ અને પરેશાન છે કે જેમના દિલ ઉપર કરબલાની ઘટનાઓના ઝખમ હોવાની સાથોસાથ ચાહનારાઓની પરેશાનીઓનો સદમો પણ છે. આ ઉપરાંત ઇસ્લામના દુશ્મનો થકી ઇસ્લામ અને મુસલમાનોને પહોંચાડવામાં આવતા નુકશાન બદલ પણ આપનું દિલ ગમગીન છે. એક શીઆ કે જેને ઇમામ (અ.સ.)ની મુલાકાતનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે કહે છે કે મેં ઇમામ (અ.સ.)ની આંખોની નીચે ઝખ્મોનું નિશાન જોયું. તેનું કારણ ઇમામ (અ.સ.)ને પુછયું તો આપે ફરમાવ્યું :

*'મારા શીઆઓને કહી દેજો કે મારા રુદન માટે મારા બુઝુર્ગ દાદાનો ગમ ઓછો નથી કે હું તેઓના આમાલ જોઇને પણ ગિર્યા અને ઝારી કરું.'*

કદાચ એટલાં જ માટે આપને કુરઆને 'મુઝતરરુલ મોજાબ'થી યાદ કર્યા છે.

અહિં ટૂંકાણ સાથે કલમ રોકીને અલ્લાહ તઆલા પાસે હાથ ફેલાવીને દોઆ કરીએ કે પરવરદિગાર તેના વલીના ઝુહુરમાં જલ્દી કરે. જેથી તેઓ કરબલાના શહીદોના ખૂનનો બદલો લ્યે. જે પોતાના દોસ્તોને ઇઝઝત બક્ષે અને દુશ્મનોને ખાસ કરીને જેમણે કુરઆનની તફસીરમાં ખયાનત કરી છે તેઓને અપમાનિત અને બેઇજ્જત કરે. આમીન............

* * * * *

# ઈમામે ઝમાના (અજ.) અને

# અલ્લામા સૈયદ મહદી બહરૂલ ઓલુમ (રહ.)

ખુદાવંદે આલમનો પોતાના બંદાઓ ઉપર હરહંમેશ એક ખાસ લુત્ફ અને કરમ રહ્યો છે. તેના સર્જન પછી તેને એકલો નથી છોડી મૂક્યો. પરંતુ એક પછી બીજા એમ પોતાના ખાસ હાદીઓ દ્વારા હિદાયતના ઝરણાથી તેઓને તૃપ્ત કર્યા છે. ત્યાં સુધી કે ઈમામે અસ્ર (અજ.)ની ગયબતમાં પણ તેઓને આ ઈનાયતોથી તરસ્યા નથી રાખ્યા. બલ્કે આ ખાસ નૂરાની હસ્તીઓ સાથે જોડાએલી અમૂક એવી વ્યક્તિઓને પૈદા કરી જેમણે તે પવિત્ર હસ્તીઓ પાસેથી એવો પ્રકાશ મેળવ્યો જેના કિરણો તેઓના અસ્તિત્વમાં ઝળકી ઉઠ્યા. નવાઈ નથી કે તેઓ આ આધુનિક યુગના 'અબુઝર' (રહ.) અને 'સલમાન' (રહ.) હોય. બેશક ખુદાવંદે આલમે આજ ચૂંટી કાઢેલી વ્યક્તિઓ દ્વારા ગયબતના ઝમાનામાં અઈમ્મા (અ.સ.)ના ઈલ્મને લોકો સુધી પહોંચાડ્યું છે.

અલ મુન્તઝરની પ્રણાલિકા મુજબ આ અંકમાં પણ અમે અલ્લામા સૈયદ મહદી બહરૂલ ઓલુમ અને તેમના ઈમામે ઝમાના (અ.સ.) સાથેના સંબંધોનું વર્ણન કરીશું.

## (૧) જન્મ અને ટૂંકો પરિચય :

આપનું નામ મહદી હતું અને આપના પિતાનું નામ સૈયદ મુરતુઝા તબાતબાઈ બુરૂજર્દી (રહ.) હતું. આપના વંશનો ક્રમ ઈબ્રાહીમ (જેમનો લકબ તબાતબા હતો)થી હસને મોસન્ના થકી ઈમામ હસને મુજતબા (અ.સ.) સાથે મળે છે.

(અઅયાનુશ શીઆ, ભાગ-૪૮, પા. નં. ૧૬૪)

અલ્લામા સૈયદ બહરૂલ ઓલુમનો જન્મ કરબલાએ મોઅલ્લામાં શબે જુમ્આ માહે શવ્વાલ હિજરી સન ૧૧૫૫માં થયો હતો. મરહુમ હાજ શયખ અબ્બાસ કુમ્મી (રહ.) ફવાએદુર રઝવીય્યાહમાં લખે છે કે : 'જે રાત્રે અલ્લામા સૈયદ બહરૂલ ઓલુમ (રહ.)નો જન્મ થયો તે રાત્રે તેમના પિતાએ સ્વપ્નમાં જોયું કે ઈમામ રઝા (અ.સ.) તશરીફ લાવ્યા છે અને તેમના શાર્ગીદ મોહમ્મદ બીન ઈસ્માઈલ બીન બઝીઅને હુકમ આપીને એક મોટી શમ્અ (મીણબત્તી, દીવો) આપે છે. પછી મોહમ્મદ તે શમ્અને મકાનની છત ઉપર લઈ ગયા અને તેને પ્રગટાવી. અચાનક તે શમ્અનો પ્રકાશ આસમાનની ઉંચાઈએ પહોંચ્યો અને દુનિયામાં તેનો પ્રકાશ ફેલાઈ ગયો.'

અલ્લામા બહરૂલ ઓલુમની તાલીમ અને ઉછેર તેમના પિતા અને બીજા વિદ્વાનોની દરમિયાન થયો. શરૂઆતના ચાર વર્ષ અલ્લામાએ આ મહાન હસ્તીઓના ઉછેર હેઠળ નહવ - સર્ફ, સાહિત્ય, મન્તિક, ફીકાહ અને ઉસુલની તાલીમ પ્રાપ્ત કરવામાં પસાર કર્યા. ત્યાર બાદ બાલિગ થવાની અવસ્થામાં આયતુલ્લાહ વહીદ બહબહાની અને શયખ યુસુફ બહરાનીના વર્ગોમાં અભ્યાસ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. પછી પાંચ વર્ષના સમયગાળામાં ઈજતેહાદના દરજ્જા ઉપર પહોંચી ગયા.

## કિતાબો :

અલ્લામા બહરૂલ ઓલુમે અસંખ્ય કિતાબો લખી છે જે ઈલ્મી ખજાનાઓથી ભરપૂર છે. તેમાંની અમૂક કિતાબોના નામ નીચે મુજબ છે.

૧. મસાબીહ ફી શરહે મફાતીહ, ફીકાહની કિતાબ (ઈબાદતો અને મોઆમેલાત).
૨. અદ દુર્રતુન નજફીય્યહ, (તહારત અને નમાઝ) હજાર અશ્આર અને તેની સમજૂતિ તથા તફસીર ઉપર આધારિત છે.
૩. મિશ્કાતુલ હિદાયહ, અલ્લામા બહરૂલ ઓલુમ (રહ.)ના હુકમથી શયખ જાફર કાશેફુલ ગેતાઅ (રહ.)એ શરહ (સમજૂતિ) લખી.
૪. અલ ફવાએદુલ ઉસુલિય્યહ.
૫. હાશિયતો અલા તહારતે શરાએઈલ મોહક્કેકીલ હિલ્લી (રહ.).
૬. અલ ફવાએદુર રેજાલીય્યહ.
૭. રેસાલતુન ફીલ ફેરકે વલ મેલલે.
૮. તોહફતુલ કેરામ ફી તારીખે મક્કતે વલ બયતિલ હરામે.

૯. શરહો બાબીલ હકીકતે વલ મજાઝ.
૧૦. કવાએદો અહકામીશ્શોકુક.
૧૧. અદ દુર્રતુલ બહીય્યતો નઝમ બઅઝીલ મસાએલીલ ઉસુલીય્યહ.
૧૨. દીવાન, (જે હજારથી વધુ પંક્તિઓ ઉપર આધારિત છે.)

(ફોકહાઈ નામદાર શીઆ, પાના નં. ૨૯૫ અબ્દુર્રહીમ અકીકી બખ્શાઈશી પ્રકાશિત, કિતાબ ખાનએ આયતુલ્લાહ મરઅશી રહ.)

## (૨) લકબ 'બહરુલ ઓલુમ' ઈમામે ઝમાના (અજ.)ની ઈનાયત :

અલ્લામા સૈયદ બહરુલ ઓલુમ (રહ.) શીઆ આલીમોમાં ભવ્ય ગુણો અને ઉચ્ચ સ્થાન ધરાવે છે. આપની દિની સેવાઓને અમૂલ્ય ગણવામાં આવે છે અને તેની પ્રસંશા કરવામાં આવે છે. અલ્લામાના ઉજ્જ્વળ વ્યક્તિત્વના કારણે શબ્દ તશીઅ (શીઆ હોવું) આપના નામની સાથે જોડાએલો રહેતો હતો. આપ જ્યાં પણ જતાં ત્યાં શીય્અતનો પ્રચાર કરતા. આ બધી જાહેરી અને રૂહાની ખૂબીઓ આપને માત્ર અને માત્ર હઝરત બકીયતુલ્લાહ (અજ.) પાસેથી પ્રાપ્ત થઈ છે.

મરહુમ મીરઝા અબુલ કાસિમ કુમ્મી (રહ.) નોંધ કરે છે કે હું અલ્લામા સૈયદ બહરુલ ઓલુમ (રહ.)ની સાથે આકા બાકીર બહબહાની (રહ.)ના દર્સમાં જતો હતો અને તેમની સાથે દર્સ સંબંધિત ચર્ચા વિચારણાનો સિલસિલો ચાલ્યા કરતો હતો. બલ્કે તે મારી ચર્ચાથી ફાયદો મેળવતા હતા. હું ઈરાનમાં જ સ્થાયી થયો અને અલ્લામા ઈરાક ચાલ્યા ગયા. તે દરમ્યાન અલ્લામા સૈયદ બહરુલ ઓલુમ ઓલમાઓ વચ્ચે ઈલ્મ અને મહાનતાના ક્ષેત્રમાં ઘણા જ મશ્હૂર થયા.

મને આશ્ચર્ય થયું અને ખુદ પોતાની જાતને કહેતો કે અલ્લામા આ કાબેલિયત અને ખૂબીઓ તો ધરાવતા ન હતા. તો પછી આ મહાન ખૂબીઓ કેવી રીતે મળી?

ત્યાં સુધી કે મેં અઈમ્મા (અ.મુ.સ.)ના પાક હરમોની ઝિયારત માટે મુસાફરી કરી. નજફે અશરફમાં અલ્લામાના દિદારનો લાભ લીધો. અલ્લામાના દર્સમાં હાજરી આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા એકસોથી વધુ હતી. અલ્લામાની મજલીસમાં મેં પણ હાજરી આપી અને મજલીસમાં થયેલા સવાલ જવાબથી માલુમ થયું કે ખરેખર અલ્લામા 'ઈલ્મના સ્તંભ' છે અને તેમને બહરુલ ઓલુમ (ઈલ્મનો મહાસગાર)નો લકબ આપવો યોગ્ય છે.

એક વખત મેં એકાંતમાં અલ્લામાને પુછયું કે જ્યારે આપણે બંને સાથે હતા ત્યારે આપ આટલા ઉચ્ચ સ્થાન ઉપર ન હતા અને ન તો આટલું ઈલ્મ ધરાવતા હતા. બલ્કે મારી સાથેની ચર્ચાથી ફાયદો ઉઠાવતા હતા. જ્યારે આજે અલ્લાહના ફઝલથી ઈલ્મ અને વિદ્વતાના એક ભવ્ય સ્થાન ઉપર જોઈ રહ્યો છું.

આપે કહ્યું, મીરઝા અબુલ કાસિમ (રહ.)! તમારા સવાલનો જવાબ એક રહસ્ય છે. હું તમને એક શર્તે એ રહસ્ય જાહેર કરીશ કે મારા જીવન દરમ્યાન આ રહસ્ય કોઈને કહેશો નહિં. મેં વાયદો કર્યો કે હું આપની હયાતીમાં આ રહસ્ય કોઈને જાહેર નહિં કરું. પછી આપે કહ્યું : આવું કેમ ન થાય જ્યારે કે હઝરત વલીએ અસ્ર (અ.સ.)એ એક રાત્રે મસ્જીદે કુફામાં મને છાતી સરસો ચાંપ્યો.

મેં પુછયું, કેવી રીતે? તેમણે કહ્યું : એક રાત્રે મેં મસ્જીદે કુફામાં જોયું કે મારા આકા હઝરત વલી એ અસ્ર (અજ.) ઈબાદતમાં તલ્લીન છે. મેં ઊભા થઈને સલામ કરી. આપ (અ.સ.)એ મારા સલામનો જવાબ આપ્યો અને ફરમાવ્યું કે નજીક આવો. હું આગળ વધ્યો. આપ (અ.સ.)એ ફરમાવ્યુંઃ વધુ નજીક આવો. તેથી હું થોડો વધુ આગળ વધ્યો. આપ (અ.સ.)એ ફરમાવ્યું : હજુ વધુ નજીક આવો.

હું આપ (અ.સ.)ની વધુ નજીક ગયો. એટલે સુધી કે આપ (અ.સ.)એ મને ગળે લગાડ્યો અને આપ (અ.સ.)ની પવિત્ર છાતી સરસો ચાંપ્યો. પછી જે કાંઈ ખુદાવંદે આલમે ચાહ્યું તે આ દિલમાં હરતું - ફરતું કરી દીધું.

હઝરત બકીયતુલ્લાહ (અજ.)ની નવાઝીશ અને મહેરબાનીથી અલ્લામા સૈયદ બહરુલ ઓલુમ (રહ.)ના ઈલ્મ અને ખૂબીઓથી જ્યારે ઓલમાઓ માહિતગાર થયા તો ખૂબજ આશ્ચર્ય ચક્તિ અને પ્રભાવિત થયા. અલ્લામા મશ્હદે મુકદ્દસમાં સાત વર્ષ રહ્યા. તે સમયગાળામાં તેઓ ઉસ્તાદ શહીદ મિર્ઝા મહદી ઈસ્ફહાની (રહ.)ની સેવામાં હાજર થયા. ઉસ્તાદ અલ્લામાની અસાધારણ ઈલ્મી લાયકાત અને બુદ્ધિકક્ષાથી દંગ રહી ગયા અને અલ્લામાને આ ખિતાબથી પોકાર્યા.

اِنَّمَا اَنْتَ بَحْرُ الْعُلُوْم

*ખરેખર તમે ઇલ્મોના મહાસાગાર છે.*

રૌઝાતુલ જન્નાતના લેખક આયતુલ્લાહુલ ઉઝમા મીર સૈયદ મોહમ્મદ બાકિર ખુન્સારી (રહ.) જેમની ગણના મહાન આલિમોમાં થાય છે. તેઓ અલ્લામાના ઉપરોક્ત લકબ અંગે લખે છે :

સૈયદ ના ગૌરવ માટે એટલું પુરતું છે કે આપની પહેલા અને ન તો આપની પછી કોઇ વ્યક્તિને આ લકબથી નવાઝવામાં આવ્યા છે.

## (૩) ઇમામે ઝમાના (અજ.)ની ખુશ્નુદી :

ઇમામ (અ.સ.) સંબંધિત શીઆઓની એક મહત્ત્વની જવાબદારી આપ (અ.સ.)ની ખુશ્નુદી પ્રાપ્ત કરવાની છે. અલ્લામા બહરુલ ઓલુમ (રહ.)નું જીવન આપણને આ શીખવે છે. આપના જીવનનો ટૂંકો અભ્યાસ કરવાથી જાણી શકાય છે કે આપના ઉચ્ચ સ્થાન ઉપર પહોંચવાનું કારણ ઇમામ (અ.સ.)ની ખુશ્નુદી, ઇમામ (અ.સ.)ની રાહમાં માલ ખર્ચ કરવો, ઇમામ (અ.સ.)ની યાદમાં મજલીસોનું આયોજન કરવું અને લોકોને આપ (અ.સ.)ની તરફ આમંત્રણ આપવું, આપ (અ.સ.)ના પવિત્ર નામની તબ્લીગમાં મદદ કરવી અથવા તેવી કિતાબોના પ્રકાશનમાં ભાગ લેવો જે આપ (અ.સ.)થી સંબંધિત હોય, તેમજ સાદાત અને મોઅમીનોની મદદ કરવી, આ પ્રકારના અમૂક કાર્યો એવા છે જે ઇમામે ઝમાના (અ.સ.)ની ખુશ્નુદી પ્રાપ્ત કરવાનું માધ્યમ છે.

હઝરત બકીયતુલ્લાહ અરવાહોના ફીદાહને મદદ કરવાની એક રીત એ છે કે મોઅમીનોની મદદ કરવી અને તેઓને સાંત્વન આપવું. જેમકે મજમઉલ બહરયનમાં છે કે:

مَوَاسَاتُ الْإِخْوَانِ هِیَ مَشَارِكَتُهُمْ وَ

مَسَاهِمَتُهُمْ فِی الرِّزْقِ وَ الْمَعَاشِ۔

સારાંશ: મવાસાત એ અર્થમાં છે કે મોઅમીન બિરાદરોની રોજી અને આજીવિકામાં ભાગીદાર રહે અને તેને દોસ્ત ગણે.

અલ્લામા સૈયદ બહરુલ ઓલુમ (રહ.) જીવનના દરેક તબક્કામાં લોકોના દુઃખ અને દર્દમાં શરીક રહેતા હતા અને મદદ કરતા હતા. ચાહે તે મદદ ભૌતિક હોય કે રૂહાની. ત્યાં સુધી કે તેમણે આ કાર્ય પદ્ધતિ દ્વારા ઇમામે ઝમાના (અ.સ.)ની ખુશ્નુદી અને રાજીપો હાસિલ કર્યો.

અલ્લામા જુદા જુદા પ્રકારે ઇમામે ઝમાના (અજ.)ની નુસ્રતમાં મશ્ગુલ રહેતા. ટૂંકમાં હંમેશા ફકીરો અને કમજોર વ્યક્તિઓની ચિંતામાં લાગેલા રહેતા અને તેઓની સાથે ભાઇચારાની વર્તણુંક રાખતા. તેમના બુઝુર્ગ દાદા ઇમામ ઝયનુલ આબેદીન (અ.સ.)એ દર્શાવેલા માર્ગને અનુસરતા. અંધારી રાત્રે યતીમો અને ફકીરો માટે ખોરાકનો સામાન પોતાની પીઠ ઉપર લાદીને નીકળતા અને પોતાના હાથે તે વહેંચતા અને ખૂબજ મહેરબાનીથી વ્યવહાર કરતા.

## (૪) હજના એહકામોની નિયુક્તિ :

અલ્લામા સૈયદ બહરુલ ઓલુમ (રહ.) ઇમામે ઝમાના (અ.સ.)ના હુકમથી બે વર્ષ સુધી મક્કએ મોઅઝઝમામાં સ્થાયી રહ્યા. આ સમયગાળા દરમ્યાન તેઓ તકય્યામાં રહ્યા. મક્કામાં રહીને ચારેય ફીરકાની માન્યતા ધરાવતા લોકોને દર્સ (તાલીમ) આપતા. દરેક એમ સમજતા કે તેઓ તેના ફીરકાથી સંબંધ ધરાવે છે. આપનો આ સંઘર્ષ ત્યાં સુધી ચાલુ રહ્યો કે આપે ઇમામે ઝમાના (અજ.)એ સોંપેલ બધી જવાબદારીઓ અદા કરી.

આલીમોનું કહેવું છે કે અલ્લામાએ હઝરત વલી એ અસ્ર (અજ.)ના હુકમ મુજબ બે વર્ષ મક્કામાં પસાર કર્યા અને ત્યાં સુધી કે આપે હજના સ્થળો ઉપર કરવાની વિધિઓ અને ત્યાં થોભવાના એહકામોને નિયુક્ત કર્યા.

ઇમામે ઝમાના (અ.સ.)ની તરફથી કોઇપણ કામની સોંપણી માત્ર અને માત્ર આપની રુહાની પવિત્રતાને કારણે હતી.

મરહુમ સૈયદ મોહસીન અમીન (રહ.) લખે છે : અલ્લામા સૈયદ બહરુલ ઓલુમ (રહ.) જેટલો સમય મક્કામાં રહ્યા તે દરમ્યાન એવી અસંખ્ય નિશાનીઓને પ્રકાશિત કરી જે છુપાએલી હતી. તેથી આજે હાજીઓ હજના એહકામને ખુદ પોતે સહેલાઇથી એહલેબય્ત (અ.સ.)ના મઝહબ મુજબ અદા કરી શકે છે.

આજે તેમના પછી પણ આ નિશાનીઓ બાકી છે અને લોકો તેનાથી લાભ ઉઠાવે છે. આપે અમલના સમયો અને એહરામની હદો પણ નક્કી કરી. મુઝદલફા અને મશ્અરને

પણ નક્કી કર્યા. જે રીતે આ સ્થળો પહેલા છુપાએલા હતા અને પછીથી જાહેર થયા.

(ઈમામે ઝમાના (અજ.) અને અલ્લામા સૈયદ મહદી બહરૂલ ઓલુમ (રહ.) - ૧૦૬, સૈયદ જઅફર રફીઅ કૃત)

તેથી આજે હજના જે એહકામો આપણા સુધી પહોંચ્યા છે તેમાં અલ્લામા સૈયદ બહરુલ ઓલુમ (રહ.)ની એક મહત્ત્વની કારકિર્દી છે. તેનાથી એ પણ જાહેર થાય છે કે ગયબતે કુબરાના સમયમાં ઇમામ (અ.સ.) આપણી એવી જ રીતે હિદાયત કરે છે જેવી રીતે જાહેરી હાલતમાં કરે છે.

## (૫) મુલાકાતના બીજા થોડા પ્રસંગો :

### (૧) સરદાબમાં અલ્લામ સૈયદ બહરુલ ઓલુમ (રહ.)ની મુલાકાત :

મોહદ્દીસે નુરી (રહ.) કહે છે કે મોહક્કીક અને બસીર આલીમ ભરોસાપાત્ર સૈયદ અલી (રહ.) કે જે અલ્લામા સૈયદ બહરૂલ ઓલુમ (રહ.)ની પુત્રીના પૌત્ર હતા (બુરહાનુન કાતેઉન કિતાબના લેખક) તેમણે કહ્યું કે સૈયદ મુરતુઝા (રહ.) જે અલ્લામાની બહેનના પુત્ર હતા તે ફરમાવે છે :

હું સામર્રાની ઝિયારત માટે અલ્લામાની સાથે હતો. આપ જે રુમમાં હતા ત્યાં એકલા સૂઇ જતાં હતા. મારો રુમ આપના રુમથી જોડાયેલો હતો. હું દિવસ રાત અલ્લામાની સેવામાં રોકાએલો રહેતો. તે દિવસોમાં લોકો આપની આજુબાજુ વધારે પ્રમાણમાં રહેતા હતા એટલે સુધી કે રાતનો એક ભાગ પસાર થઇ જતો હતો.

એક રાત્રે રાબેતા મુજબ અલ્લામા બેઠા હતા અને લોકો આપની આજુબાજુમાં ભેગા થએલા હતા. પરંતુ આપને જોઇને એમ લાગતુ હતું કે અલ્લામા લોકોથી બેખબર છે અને એકાંત ચાહે છે. તેઓ કોઇની સાથે વાત પણ કરતા ન હતા. આથી લોકો વિખેરાઇ ગયા અને મારી સિવાય બીજું કોઇ બાકી ન રહ્યું. પછી મને બહાર જવાનો હુકમ આપ્યો. હું મારા રુમમાં તો ચાલ્યો ગયો પરંતુ અલ્લામાની સ્થિતિની ચિંતામાં મગ્ન હતો. મારી આંખોમાંથી ઊંઘ જતી રહી હતી. થોડીવાર મેં ધીરજ ધરી પછી હું છુપી રીતે બહાર નીકળ્યો કે અલ્લામાની સ્થિતિ કેવી છે તે જાણી શકું. મેં જોયું તો રુમનો દરવાજો બંધ છે. જ્યારે મેં જરુખામાંથી રુમમાં નજર કરી તો જોયું કે દિવો બળે છે અને બીજું કોઇ નથી. હું અંદર દાખલ થયો અને જોયું કે આપ ત્યાં સુતા ન હતા. પછી હું ખુલ્લા પગે મારી જાતને છુપાવીને અલ્લામાને શોધવા નીકળ્યો. પછી સહેનમાં દાખલ થયો અને જોયું કે અસ્કરીય્યેન (અ.સ.)ના રોઝાના દરવાજાઓ બંધ છે.

ત્યાંથી પાછા ફરી હરમની આજુબાજુમાં શોધ કરી પરંતુ અલ્લામા ન મળ્યા પછી સરદાબના સહેનમાં દાખલ થયો. જોયું કે ત્યાંના દરવાજા ખુલ્લા હતા. પછી હું સરદાબની સીડીથી ધીરે ધીરે નીચેની તરફ ઉતરવા લાગ્યો. સરદાબમાં દાખલ થતાની સાથે જ કાંઇક વાતચીતનો અવાજ સંભળાયો. જાણે કે કોઇની સાથે વાતચીત કરી રહ્યા હોય. હું વાતોને સમજી ન શક્યો. ત્યાં સુધી કે હું ત્રણ કે ચાર પગથીયા ઉપર હતો અને ખૂબજ ધીરેધીરે પગથીયા ઉતરી રહ્યો હતો. ત્યાં અચાનક અલ્લામાનો અવાજ એજ જગ્યાએથી ઉંચો થયો કે : અય સૈયદ મુરતુઝા, આ શું કરી રહ્યા છો? અને ઘરની બહાર શા માટે નીકળ્યા? અલ્લામાનો આ અવાજ સાંભળીને હું હેબતાઇ ગયો. ડરનો માર્યો એજ જગ્યાએ ઉભો રહી ગયો. પછી વિચાર્યું કે જવાબ આપ્યા પહેલાં પાછો ફરી જાઉં. પછી મારી જાતને કહ્યું, હું કેવી રીતે મારા આગમનને છુપાવી શકું છું જ્યારે કે અલ્લામાએ મને ઓળખી લીધો છે.

તેથી માફી માગવાની ગણતરી સાથે સીડીથી નીચે આવ્યો અને સરદાબમાં દાખલ થયો. અલ્લામાને જોયા કે એકલા કિબ્લા તરફ ઉભા છે અને ત્યાં બીજા કોઇને ન જોયા. તેથી હું સમજી ગયો કે આપની વાતચીત ઇમામે ગાએબ (અ.સ.) સાથે થઇ રહી હતી.

(નજમુસ સાકીબ, પાના નં. ૨૫૬ , જન્નતુલ માવા, પાના નં. ૨૨૮, અને દારૂસ્સલામે નુરી, ભાગ - ૨, પાના નં. ૨૧૧, મુન્તહલ આમાલ, ભાગ - ૨, પાના નં. ૪૭૫ - ૪૭૬)

### (૨) અલ્લામા સૈયદ બહરુલ ઓલુમ (રહ.) દ્વારા ઇમામ મહદી (અજ.)ના મુબારક હાથોને ચૂમવા :

આલીમે રબ્બાની આખુન્દ મુલ્લા ઝૈનુલ આબેદીન સલમાસી કે જેઓએ મક્કામાં અલ્લામાની મુલાકાતનો લાભ લીધો હતો તે કહે છે :

અલ્લામા પોતાના શહેરથી દૂર અને પોતાના કુટુંબીજનોની જુદાઇ પછી પણ મજબુત દિલ ધરાવતા

હતા. ભરપૂર બખ્શીશ અને મહેરબાનીના કારણે તેમની પાસે કાંઇ ન હતું. આકસ્મિક રીતે એક દિવસ હું પણ આપની પાસે ગયો. મારી પાસે ખર્ચ કરવા માટે હાથ ઉપર કાંઇ ન હતું. તેથી અલ્લામાને મારી પરિસ્થિતિ જણાવી. આપે સાંભળીને કાંઇ ન કહ્યું.

અલ્લામાનો નિત્યક્રમ એ હતો કે દરરોજ સવારે ખાનએ કાબાનો તવાફ કરતા હતા. પછી પોતાના રુમમાં ચાલ્યા જતાં હતાં. આ દરમ્યાન આપના માટે હું હોકો લાવતો અને આપ તેને પીતા. પછી બહાર આવતા અને બીજા રુમમાં જતા જ્યાં બીજા મઝહબના શાર્ગિદો રહેતા. આપ દરેક સમૂહને તેઓની રીત મુજબ દર્સ આપતા.

મેં મારી આર્થિક સંકડામણની અલ્લામાને ફરિયાદ કરી હતી તે દિવસ પછી જ્યારે આપ તવાફ કરીને પાછા ફર્યા ત્યારે રાબેતા મુજબ મેં હોકો હાજર કર્યો કે અચાનક કોઇએ દરવાજો ખટખટાવ્યો. સૈયદ બહરુલ ઓલુમ (રહ.) આ અવાજ સાંભળીને ઘણા બેચૈન થઇ ગયા અને મને કહ્યું કે હોકાને લઇને અહિંથી બહાર જાવ અને પોતે ઝડપથી દરવાજા તરફ ગયા અને દરવાજો ખોલ્યો.

મેં જોયું કે એક પ્રતિભાશાળી વ્યક્તિ અરબી પહેરવેશમાં દાખલ થયા અને સૈયદ ના રુમમાં જઇને બેઠા અને સૈયદ ખૂબજ નમ્રતા પૂર્વક અને અદબની સાથે દરવાજાના ખુણા ઉપર બેસી ગયા અને મને ઇશારો કર્યો કે હોકાને નજીક ન લાવતા.

તેઓ થોડીવાર બેઠા અને આપસમાં ચર્ચા કરતા રહ્યા. પછી તે પ્રતિભાશાળી વ્યક્તિ અને સૈયદ પણ થોડીવારમાં ઉભા થયા અને રુમનો દરવાજો ખોલ્યો અને તેમના બંને હાથોને ચૂમ્યા અને બહાર ઉભેલી સવારી ઉપર સવાર કર્યા. તે અરબ વ્યક્તિ ચાલ્યા ગયા. અલ્લામાનો ચહેરો બદલાઇ ગયો હતો. ત્યાંથી પાછા ફર્યા અને એક ડ્રાફ્ટ મારા હાથમાં આપ્યો અને કહ્યું જાવ અને આ ડ્રાફ્ટ તે શાહુકારને આપી દયો જે સફાના પહાડ ઉપર છે. ડ્રાફ્ટ લઇ જાવ તેમાં રકમ લખેલી છે.

પછી હું તે ડ્રાફ્ટને તે માણસ પાસે લઇ ગયો. તેણે જેવો તે ડ્રાફ્ટને પોતાના હાથોમાં લીધો અને તેના ઉપર નજર કરી અને તેને ચૂમ્યો, આંખે લગાડ્યો અને કહ્યું : ચાર હમાલ લઇ આવો. હું ગયો અને ચાર હમાલ લઇ આવ્યો. તે માણસે ચારેય હમાલની શક્તિ મુજબ જેટલું તેઓ ઉપાડી શકતા હતા તેટલાં ફ્રાન્સી રીયાલ (જે તે ઝમાનાનું ચલણ હતું) લાવ્યો અને આપી દીધા. તે હમાલોએ રીયાલ મારા ઘર સુધી પહોંચાડી દીધા. એક ફ્રાન્સી રીયાલ પાંચ ઇરાની કિરાન બરાબર હતો (કિરાન, રીયાલની પહેલા ચલણમાં હતો).

એક દિવસ મેં ઇરાદો કર્યો કે તે શાહુકારના ખબર - અંતર પુછું. જ્યારે હું સફાના પહાડ ઉપર ગયો ત્યારે જોયું કે ન તો ત્યાં તે શાહુકાર છે અને ન તો તે દુકાન. પછી મેં જે લોકો ત્યાં રહેતા હતા તેઓને શાહુકાર સંબંધિત પુછયું. તો તેઓએ કહ્યું કે અમે આજ સુધી અહિંયા કોઇ શાહુકારને નથી જોયો. હું સમજી ગયો કે આ એક અલ્લાહનો ભેદ છે.

(દર ઈન્તેઝારે ખુરશીદે વિલાયત : પા. ૧૪૭)

**(૩) સય્યદુશશોહદા ઈમામ હુસૈન (અ.સ.)નું માતમ :**

એક બુઝુર્ગ આલિમનું બયાન છે : હું હિજરી સન ૧૩૩૩ની સાલમાં જ્યારે નજફે અશરફમાં તાલીમ મેળવી રહ્યો હતો ત્યારે મોહર્રમના મહિનામાં આલીમોના સમૂહ સાથે પગપાળા કરબલા જવા રવાના થયો. અમે 'તવીરજ' નામના સ્થળે પહોંચ્યા, જે કરબલાથી ચાર ફરસખ દૂર છે.

એક બુઝુર્ગ આલીમે મને કહ્યું : આશુરાના દિવસે આ સ્થળેથી માતમી દસ્તાઓ કરબલા તરફ જાય છે. તેઓની સાથે એક આલીમોની જમાત પણ હોય છે. ત્યાં સુધી કે તેમાં મરજએ તકલીદ પણ શામેલ હોય છે અને ઘણા જુસ્સાથી માતમ કરે છે. પછી આ મહાન આલીમે મને કહ્યું કે : આશુરાનો દિવસ હતો અને હું 'તવીરજ'ના સમૂહો સાથે કરબલા જઇ રહ્યો હતો કે માતમ દરમ્યાન એક મરાજેએ તકલીદને જોયા કે બીજા આલીમોની જેમ ખૂબજ ખુલુસતાની સાથે આંખોમાંથી આંસુ વહી રહ્યા છે અને માતમમાં મશગુલ છે.

તેમને મેં સવાલ કર્યો કે આપની પાસે આ કામ સંબંધિત કોઇ ઇલ્મી દલીલ છે? આપે જવાબ આપ્યો : મરહુમ અલ્લામા સૈયદ બહરુલ ઓલુમ (રહ.) આશુરાના દિવસે થોડા વિદ્યાર્થીઓ સાથે તવીરજના માતમી દસ્તાનું સ્વાગત કરવા માટે કરબલાથી જઇ રહ્યા હતા. અચાનક વિદ્યાર્થીઓએ જોયું કે અલ્લામા તેમની પ્રતિભા અને ઇલ્મની ઉચ્ચતા હોવા છતાં બીજા લોકોની જેમ કુરતુ ઉતારીને સખત રીતે માતમ કરવા લાગ્યા. વિદ્યાર્થીઓએ ઘણી કોશિશ કરી કે તેમની લાગણી ઉપર નિયંત્રણ મેળવે

પરંતુ નિષ્ફળ રહ્યા. પછી વિદ્યાર્થીઓ આપની સલામતિ માટે આપની આજુબાજુમાં ઘેરાવ કરી ઉભા રહી ગયા.

.... માતમ પુરું થયા પછી અમૂક ખાસ આલિમોએ આપને પુછયું : આપને એવું શું થયું કે માતમ દરમ્યાન આપ કાબુની બહાર અઝાદરીમાં મશ્ગુલ હતા?

આપે જવાબ આપ્યો : જ્યારે હું માતમી સમૂહની નજીક ગયો ત્યારે જોયું કે હઝરત બકીય્યતુલ્લાહ (અજ.) ખુલ્લા માથે અને પગે સમૂહની વચ્ચે માતમ કરી રહ્યા છે તથા રુદન અને કલ્પાંતમાં મશ્ગુલ છે. બસ હું પણ બેકાબુ બની ગયો અને આપ (અ.સ.)ની સાથે માતમ કરવામાં મશ્ગુલ બની ગયો.

## (૬) મૃત્યુ :

અલ્લામાએ પોતાનું સમગ્ર જીવન ઇમામે ઝમાના (અજ.)ના ઝુહુરના ઇન્તેઝારમાં અને આપને શોધવામાં પસાર કર્યું. અંતે હિજરી સન ૧૨૧૨માં સાચા વાયદાના અવાજ ઉપર લબ્બયક કહી આ નાશવંત જગતમાંથી કૂચ કરી ગયા.

અલ્લામાની વસીય્યત મુજબ મીરઝા મહદી શહરસ્તાનીએ આપની નમાઝે જનાઝા પઢાવી અને વસીય્યત મુજબ આપના શરીરને શયખ તુસી (રહ.)ની પવિત્ર કબ્રની નજીક દફન કરવામાં આવ્યું.

કિતાબ ફવાએદુર રેજાલીય્યહમાં લખ્યું છે કે :

જ્યારે આ મહાન ફકીહ અને આરીફ બુઝુર્ગવાર ઉપર માટી નાખવામાં આવી ત્યારે હાજર રહેલા લોકોએ એક અજાણ્યો અવાજ સાંભળ્યો જે કહી રહ્યો હતો કે :

لِلّٰهِ قَبْرُکَ مِنْ قَبْرٍ تَضَمَّنَهٗ

عِلْمُ النَّبِيِّيْنَ مِنْ نُوْحٍ اِلَى الْخَلَفِ

આપની કબ્ર તે કબ્રો પૈકીની છે જે અમ્બીયાઓનું ઇલ્મ ધરાવે છે અને નુહ (અ.સ.)થી ખલફ (સાલેહ સુધી) સુધી ભરપૂર છે.

كانت حياتک احياء لما شرعوا

وفی مماتک موت العلم و الشرف

આપનું જીવન ઇસ્લામને પ્રગટ કરવામાં પસાર થયું અને આપના મૃત્યુથી ઇલ્મ અને શરફનું મૃત્યુ થયું.

* * * * *

---

**અનુસંધાન પાના નં. ૧૧થી ચાલુ**

આપણને ઘણી તાકીદ કરવામાં આવી છે કે આપણે આ વિશાળતા એટલે કે 'ફરજ'નો ઇન્તેઝાર કરીએ. જેમકે ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે

اِنْتَظِرُوْا الْفَرَجَ وَ لاَ تَيْئَسُوْا مِنْ رَوْحِ اللّٰهِ فَاِنَّ

اَحَبَّ الْاَعْمَالِ اِلَى اللّٰهِ عَزَّ وَ جَلَّ اِنْتِظَارُ الْفَرَجِ

*'વિશાળતાનો ઇન્તેઝાર કરો અને અલ્લાહની રહેમતથી માયુસ ન થાવ. કારણકે અલ્લાહની નજીક વિશાળતાનો ઇન્તેઝાર કરવો તે સૌથી પ્રિય અમલ છે.'*

(બેહાર, ભા : ૫૨, પા. ૧૨૭, હ. ૭)

આ હદીસથી સ્પષ્ટ છે કે વિશાળતાનો ઇન્તેઝાર તે એક માત્ર શ્રેષ્ઠ બાબત નથી પરંતુ અલ્લાહ તઆલાની નજીક સૌથી શ્રેષ્ઠ અને પ્રિય અમલ પણ આ જ છે. વિશાળતા આ દુનિયામાં ફક્ત અને ફક્ત ઇમામ (અ.સ.)ના ઝુહુર પછી જ મળશે અને આખેરતમાં વિશાળતા માત્ર તે લોકોને જ મળશે જેઓ ઇમામો (અ.મુ.સ.)ની ઇમામત, વિલાયત અને સરપરસ્તિનો સ્વિકાર કરતા હશે.

અલબત્ત એ બાબત ધ્યાનમાં રાખીએ કે રુહાની વિશાળતા માટે બાહ્ય સાધનોની જરુર નથી પરંતુ નફસની પાકીઝગી અને એહલેબય્તે અત્હાર (અ.મુ.સ.) સાથે તમસ્સુક જ પુરતું છે. જેમકે આ હદીસમાં સ્પષ્ટ છે કે ઇમામ (અ.સ.)એ ફરમાવ્યું :

وَ اَكْثِرُوْا الدُّعَاءَ لِتَعْجِيْلِ الْفَرَجِ فَاِنَّ ذٰلِکَ

فَرَجُكُمْ

*'જુઓ વિશાળતાના જલ્દી થવા માટે વધુમાં વધુ દોઆ કરો કારણકે એ જ (દોઆ) તમારા માટે વિશાળતા છે.'*

આવો ! આપણે સૌ સાથે મળીને ખુદાવંદે મોતઆલની બારગાહમાં દોઆ કરીએ કે

પરવરદિગાર! આપણા વલી, હઝરત હુજ્જત બીન અલ હસનના ઝુહુરમાં જલ્દી કરે! ઇલાહી આમીન.

* * * * *